નવયુગનાં આંદોલનો.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક પાંચમો.
ગુરૂવાર તા. ૧-૧૦-૩૬.

## પ્રગતિના મંડાણ

ના, ના, હજીએ ઉષાકાળ ઉગ્યો
ના, ના, હજીએ નવ રાહ લીધો
સ્વપ્ને વિહરતો મનુ કો' હૃદય હું
યૌવન અનેરૂં નિષ્પ્રાણ ભાસ્યું.

ધર્મી ગણાતા જન અંધ ઘેલા
મિથ્યાભિમાની બની રૂઢી મેલા
પડયા પડયા એ દીલમાં ઘડી જ્યાં
કંપ્યા અતિશે વજ્રપાત લાગ્યો.

વહેતું ખમીર ને કહીએ હૃદય તો
સ્હેતે કહી એ જુનવાણી વાતો
પણ એ વિતિ ના, ક્ષણ એ વિતિ ના,
યુવક હૃદયના તહીં યુથ જામ્યાં.

રે ! રે ! બિચારા જન જાણતા શું
પલટે જમાનો જુગ જુગ જુનો
રવિ કાળ દિશા દિન ચક્ર ફરતાં
પલટે હૃદય તો નવ યુવકોનું.

સ્વાતંત્ર્યવાણી તણું રાષ્ટ્ર મોણું
અલગું રહ્યું ના જૈનત્વ હૈયે
જ્યોતિ અનેરી પ્રગટી હૃદય જ્યાં
નિસ્તેજ ઝાંખા જન દંગ થાતાં.

મધુપુષ્પ લહેજત જન ચાખતા સહુ
કડુ વેણ કહેતા દૂર કેમ ભાગે ?
દિન દિન માનવ દુઃખ અશ્રુ વેર્યાં
કહી સત્ય શોધન જન એ તપાસે !

જન વસ્ત્ર મેલું જર્જરિત પુરાણું
ફેંકી પરિધાન કરે નવું જયમ્
રૂઢી પુરાણા યુગ દુર્ગ ભેદી
નવયુગ આંદોલન એ જગાવે.

વેળા વિતિ ના હજી છે સમય હા !
ચેતો તમે ઓ ! જુનવાણી પૂજક !
વહેતા સમયના ફરતા પ્રવાહે
રૂઢી પુરાણા ક્રૂર બંધ તોડો.

પ્રગતિ તણા છે પૂર ધોધ એવા
રૂંધ્યા રૂંધાયે નહિ કામ કો' દિન
ક્ષણ વેગ એનો સ્પર્શે હૃદય જ્યાં
દિનરાત મંથન મહિં એ ભીંજાવે.

"મંજુલકુમાર"

તરુણ જૈન.

તા. ૧-૧૦-૩૬

# નવયુગનાં આંદોલનો.

ગઇ કાલસુધી જુની પુરાણી રૂઢિની જંજીરોમાં જકડાયેલ સમાજ એ જંજીરોને તોડી આજે પ્રગતિના માર્ગને ઝંખી રહ્યો છે. અત્યાર સુધી 'એ' નાશકારક તત્વોના ફાંસલામાં ફસાઇ, દરેક રીતે પોતાની અધોગતિ કરી રહ્યો હતો. આટઆટલું સાહિત્યપ્રકાશન, સંખ્યાબંધ સાધુઓ અને લાખો રૂપીયાની સખાવત છતાં સમાજ કેમ ઘસાઇ રહ્યો છે ? ત્હેનાં કારણો હવે શોધવા જવાં પડે તેમ નથી જ્હેની તરફ એ ઉન્નતિની આશા સેવતો હતો ત્હેમના તરફથી જ ત્હેનો અવરોધ થતો હતો. જ્હેમની શીતળ છાયામાં શાંતિ અને આધ્યાત્મિક જીવન ઇચ્છતો હતો ત્હેઓ આંતરકલહની આગ ફેલાવતા હતા.. નજીવા સિદ્ધાંત ભેદોને ખડા કરી આપસ આપસમાં લડી સમાજના દેહને જર્જરિત બનાવી રહ્યા હતા. અયોગ્ય દીક્ષા, દેવદ્રવ્ય, સ્ત્રી પુરૂષ સમાનતા વગેરે સામાજીક કાર્યોમાં ધર્મશાસ્ત્રોની આડશથી માથું મારી રહ્યા હતા. ઉપરોક્ત પરિસ્થિતિને નિહાળી સમાજનો યુવાન આત્મા જાગૃત બન્યો. ત્હેને પ્રગતિમાન અન્ય સમાજનો ઇતિહાસ તપાસ્યો, પોતાના સમાજની પરિસ્થિતિની તુલના કરી અમુક માર્ગ નક્કી કરવાનો મનસુબો ઘડયો. પ્રથમ સાધુઓ તરફ ત્હેની દૃષ્ટિ ગઇ, પરંતુ તેઓમાંનો મોટો ભાગ આત્મસાધનના મૂળ ધ્યેયને ભૂલી ભક્તોના કુંડાળા જમાવી, સહેલે પુજાવાની ધમાલમાં પડયો હતો. અને ત્હેમ કરવામાં હરિફાઇ અને ઘર્ષણથી આગના તણખા ઝરી સમાજને દઝાડતા હતા. પવિત્ર અને નિઃસ્વાર્થી સાધુઓ જો ધારે તો જરૂર સામાજીક પ્રગતિ સાધી શકે. પણ તેવા નિર્મોહી, નિઃસ્વાર્થી અને પવિત્ર સાધુઓ લાવવા કયાંથી ? તે માટે દીક્ષા આપવાની પ્રણાલીકા તરફ યુવકોનું લક્ષ કેન્દ્રિત બન્યું. ત્હેમણે અયોગ્ય દીક્ષા સામે પડકાર કર્યો. અને જણાવ્યું કે: "આજનો સામાન્ય માણસ આવતી કાલે દીક્ષા લીધા પછી સારાયે સમાજનો પૂજ્ય બને છે, ત્હેનામાં કંઇ યોગ્યતા હોવી જોઇએ. જે આવે ત્હેને દીક્ષા આપી દેવામાં સમાજનું કલ્યાણ નથી," તે માટેનું પ્રચારકાર્ય કરી સમાજના આત્માને જાગૃત બનાવ્યો. દેશી સ્ટેટોમાં અયોગ્ય દીક્ષા ઉપર નિયમન મુકતા કાયદાઓ ઘડાવી આવી અયોગ્ય દીક્ષા લગભગ અશક્ય બનાવી દીધી. જુદા જુદા સ્થાનિક સંઘોમાં પણ એ જાતના કાયદા થયા. આમ પરિવારની ધૂનમાં મસ્ત બનેલા સાધુઓ યુવકો તરફ છંછેડાયા. ત્હેમણે તેમને અધર્મી, નાસ્તિક, અંગારા અને સાધુઓની જડ ઉખેડી નાખનારા તરીકે જાહેર કરી જનતામાં પ્રચાર કાર્ય આદર્યું પરંતુ જનતા સાવધાન હતી. યુવકોએ કદિ સાધુતાનો વિરોધ કર્યો જ નથી. સાચા સાધુઓને તો યુવકો વંદ્ય અને પૂજ્ય જ ગણે છે. એમ યુવકો તરફથી પરિસ્થિતિ સ્પષ્ટ હોવાથી ત્હેની અસર થઇ નહિ અને ત્હેમની તરફ સમાજનો અણગમો વધતો ચાલ્યો.

દેવદ્રવ્ય સંબંધી પણ સમાજમાં ખૂબ ઉહાપોહ થયો. લાખો અને કરોડો રૂપીઆ દેવદ્રવ્યના નામે આજે જમા પડયા છે. ત્હેનો ઉપયોગ સમાજની પ્રગતિ પાછળ ન કરતાં ભીલોનાં ભૂગળાં ચલાવવામાં, જગતના માનવીઓની કત્લેઆમ ચલાવતા યુદ્ધોની લોનોમાં અને સોનાચાંદીની પાટોના સટ્ટામાં થઇ રહ્યો છે. કોઇ કોઇ સ્થળે તો જાણે એ ટ્રસ્ટીઓની માલેકીનું દ્રવ્ય ન હોય ત્હેમ ગવાઇ જવાના પણ દાખલાઓ બન્યા છે. આ પરિસ્થિતિએ એ પ્રશ્નને સળગતો બનાવ્યો. યુવકોએ એ પરિસ્થિતિ સ્હામે જેહાદ પોકારી. સ્થાપિત હિતોવાળાની લાલઆંખ થઇ. છતાં યુવકો તો પોતાના ધ્યેયમાં આગળ વધતા ગયા. સામાન્ય જનસમુહ પણ સમજતો થયો કે: "આપણા વિતરાગ દેવને દ્રવ્ય સંભવી જ ન શકે અને દ્રવ્યની સંભાવના હોય તો તે વિતરાગ શાના ? કેવળ વ્યવહારને ખાતરજ આ શબ્દ અસ્તિત્વમાં આવ્યો લાગે છે. આ માન્યતાને અંગે ત્હેની આવકના સાધનો પાછળની કલ્પનાને ફેરવી નાંખવાનું જબ્બર આંદોલન મચ્યું. કેટલેક સ્થળે તે આવકનો અમુક હિસ્સો સાધારણ ખાતામાં કે જે સામાજીક પ્રત્યેક ક્ષેત્રમાં વાપરી શકાય છે. ત્હેમાં લઇ જવાનું નક્કી થયું. આમ આ પ્રશ્નને અંગે સફળતા મળી.

સ્ત્રી પુરૂષ સમાનતાને અંગે પણ જબ્બર તરખાટ મચ્યો. પુરૂષ સમાજે વર્ષોથી સ્ત્રીઓને વારસા હક્કથી વંચિત રાખી હતી. લગ્ન જેવા અગત્યના પ્રશ્નમાં પણ ત્હેને પરાધીન બનાવવામાં આવી હતી. અને સ્ત્રી એ પુરૂષની માલેકીની જાણે વસ્તુ જ ન હોય તે જાતનું વર્તન ચલાવવામાં આવતું હતું. પુરૂષ ચાહે તેટલી વખત લગ્ન કરી શકે. પરંતુ સ્ત્રીને એ અધિકાર જરાયે ન્હોતો. યુવકોએ એ સ્થિતિ પલટાવવાનો નિશ્ચય કર્યો અને સ્ત્રીપુરૂષ સમાનતાનો સિદ્ધાંત ઉપસ્થિત કર્યો. પુરૂષો જેટલા અધિકાર ભોગવે છે તેટલા જ અધિકારો સ્ત્રીઓને પણ મળવા જોઇએ. એ જાતનો દાવો સ્વીકાર્યો. છોકરાને વારસાહક્ક મળતો હોય તો છોકરીને પણ ત્હેમાંથી હિસ્સો મળવો જોઇએ. ફરજીયાત વૈધવ્ય પ્રથા સામે તિરસ્કાર દર્શાવાયો.

આમ નવયુગના આંદોલનોએ સમાજની જુની પુરાણી હાનિકારક રૂઢિઓને જમીનદોસ્ત કરી. નવયુગના મંડાણ મંડાયા. પર્યુષણ જેવા પવિત્ર તહેવારોમાં 'કલ્પસૂત્ર' સાંભળવામાં કલ્યાણ માનતા સમાજની ભાવનામાં ઉપરોક્ત આંદોલનોએ કેટલું પરિવર્તન આણી નાખ્યું છે એ હીરાબાગ અને સંવત્સરીને દિવસે માંગવાડીમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગોઠવાયેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જમા થયેલ માનવ મેદિની જ્હેમણે જોઇહશે ત્હેમના ખ્યાલમાં આવ્યા વગર રહેશે નહિ. આજની સાધુશાહીને નવયુગના આંદોલનોનો આ સિદ્ધો પડકાર છે.

# ચિન્તન્

પર્યુષણ પર્વનો છેલ્લો દિવસ–સંવત્સરી–એ જૈન સમાજમાં વ્યક્તિગત તેમજ સામુદાયિક રીતે મહાન્ ગણાય છે. કોઈપણ વ્યક્તિ પોતાના જીવનના પસાર થઈ ગયેલા વર્ષોને પાંસઠ દિવસની, આત્મસાક્ષીએ પર્યાલોચના કરી જાણતાં અજાણતાં મન, વચન અને કાયા વડે થયેલા દુષ્કર્મો માટે અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ કરી એ માર્ગેથી પાછા ફરવાનો, અને ફરી એ ભૂલ ન થાય તેના માટે નિશ્ચય કરે એ કેવી ભવ્ય ભાવના છે! અને તેજ પ્રમાણે સામુદાયિક પ્રશ્નની વિચારણા થતી હોય તો? તો એમ કહી શકાય કેઃ કેટલાય નકામા ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓ–પ્રશ્નોથી પેદા થયેલી આંતરક્લેશની હોળીને ઠારવામાં એ વિચારણા શીતળ જળ બની રહે ખરી!

❖ ❖ ❖

મારી દૃષ્ટિએ આવી વિચારણા માટે ત્રણ પ્રશ્નો દેખાય છે. (૧) આચાર્ય પદવીઓ (૨) ભાઈ પરમાનંદનું ભાષણ અને (૩) પર્યુષણ ક્યારે કરવાં? અને એ ત્રણે પ્રશ્નો સંબંધી વિચારવા યોગ્ય બાબતો અહિં રજુ કરું છું:

છેલ્લો પ્રશ્ન પહેલો લઈએ તો પ્રથમ એજ પ્રશ્ન ઉઠે છે, કે આજ સુધી ગમે તેમ બન્યું. પણ સાધુ સમ્મેલને આ સાર્વજનિક હીત અને ઉપયોગિતાની દૃષ્ટિએ મહત્વનો એવો 'જૈનપંચાંગ'નો પ્રશ્ન ઉકેલી નાખવાનો પ્રયત્ન શા માટે ન કરવો? જૈનોની પરંપરા દૃષ્ટિને ધ્યાનમાં રાખી રચાયેલા એવા જ્યોતિષ વિષયક ગ્રન્થો ઉપલબ્ધ નથી એમ તો છે જ નહિ. અને થોડે યા વત્તે અંશે ઘણા ખરા સાધુઓ આ બાબતનું જ્ઞાન ધરાવતા હોય છે. એ જાણીતી વાત છે. એટલું જ નહિ પણ એવા સાધુઓ પણ મળી જ આવશે કે જેઓ એ વિદ્યામાં પોતે પારંગત હોવાનો દાવો કરતા હોય. તો આ પારંગતોની એક સમિતિદ્વારા જ્યોતિષ શાસ્ત્રને લગતા પ્રત્યેક પ્રશ્નોનો જૈનદૃષ્ટિએ નિર્ણય કરી નાખવામાં વાંધો પણ શો છે? સમય છે, સાધન છે, શક્તિ છે, પછી પળભરનો પણ વિલંબ થાય એ કેવળ ભયંકર પ્રમાદ સિવાય બીજું છે પણ શું?

એક બીજી વાત. પ્રમાણભૂત અને સર્વમાન્ય 'જૈન પંચાંગ' જ્યારે બહાર પડે ત્યારે ખરૂં, પણ જ્યાં સુધી એનું અસ્તિત્વ નથી ત્યાં સુધી ઉપસ્થિત થતા કોઈપણ વિવાદી પ્રશ્નની શાંત રીતે, પૂર્વગ્રહ વિનાની પરસ્પરની લવાદીદ્વારા ઉકેલ નજ આવી શકે એમ હોય ખરૂં? મ્હને તો આમાં પ્રત્યેક પક્ષે મહાન બનવાની–ગણાવાની હમારી મહત્વાકાંક્ષાના જ દર્શન થાય છે. અને એ મહત્વાકાંક્ષા જ આજની જુદી જુદી સાધુ છાવણીઓની જનક છે એમ માનવું જરાય અઘટિત નથી લાગતું.

❖ ❖ ❖

ભાઈ પરમાનંદનું ભાષણ તો માત્ર નિમિત્ત છે. કારણ કે આવો એકાદ 'ઘા' સુધારક વર્ગ ઉપર કરી લેવાની ઈચ્છા અને તૈયારી ઘણા સમયથી હતી પરંતુ પોતાના 'હઠાગ્રહથી' જ. જૈન જનતાના મોટા ભાગના હૃદયમાંથી પોતાનું સ્થાન ગુમાવી બેસનારે યોગ્ય સમયની રાહ જોવી એજ ઉચિત હતું. સમય આવ્યો, અને એ ભાષણમાં કો 'સૂરિસમ્રાટે' પોતાના સિંહાસનના પાયા ધ્રુજતા હોવાનું ભવિષ્ય વાંચ્યું. આંખના પલકારામાં 'જંગલમાં મંગલ કરી શકનાર' ગમે તેવા મોટા ગણાતા શ્રાવકો–પછી તે 'માણેકલાલો' હોય કે 'કસ્તુરભાઈઓ' હોયઃ ને 'નગરશેઠો' હોય કે 'સંઘપતિઓ' હોય તે સઘળાને પોતાની સમક્ષ બે હાથ જોડી ઉભેલા નિહાળવાને ટેવાયેલાઃ સદાય 'મત્થએણ વંદામિ' જેવા નમ્ર શબ્દોથી બહુમાન કરનારાઓ દ્વારા પોતાનું જ ધાર્યું કરાવવાને પેંધેલાઃ એવા એ 'સમ્રાટ'નું લોહી ગરમ બની મગજ તરફ ધસવા લાગ્યું. 'શું કરું?' 'કેવી રીતે એ છોકરાને ઠેકાણે લાવું?' એજ વિચારો તેમના મગજમાં ઘુમવા લાગ્યા. પેલા 'રાહ જોનારે' તક વિચારીઃ 'લોઢું ગરમ હોય ત્યારે જ હથોડા મારવાથી મનગમતો ઘાટ ઘડી શકાય છે.' એ વ્યવહારિક ભેદ નીતિને અમલમાં આણીઃ અને માર્ગ સૂઝ્યોઃ 'મૂકો સંઘ બહાર!' બસ થઈ ચુક્યું. કટાએલું હથીઆર બહાર નીકળ્યુંઃ સરાણે ચઢાવ્યુંઃ અને અજમાવ્યુંઃ 'માનભિક્ષુ' અને 'તક સાધુ' બન્નેએ છક્કડ ખાધી. હથીઆર બુઠું નીવડ્યું. અફસોસ!

જેના દીલમાં 'સમાજ ઉદ્ધાર'ની ધગશ હોય એવી કોઈપણ વ્યક્તિના ભાષણમાં મધ જેવી મીઠાશ ક્યાંથી હોય! છતાં એ ભાષણ પૂર્વગ્રહ સિવાય વાંચી જુઓઃ પછી થોડું વિચારી જુઓઃ કોઈને પણ સ્હમજાશે કે એ ભાષણમાં 'તાત્વિક કે વ્યવહારિક દૃષ્ટિએ કશું યે અધાર્મિક નથી.' માત્ર પેલી મહત્વાકાંક્ષા રૂપી હમારી અહં ભાવનાએ અધાર્મિક રૂપ ધર્યું હતું એટલું જ, નહિતર એ 'સૂરિસમ્રાટે' શા માટે શુભલાલજીનો પડકાર ન ઝીલ્યો? શા માટે એ ભાષણની પોતાની દૃષ્ટિએ પર્યાલોચના ન કરી? ઘણાએ એ સૂરિસમ્રાટના જ્ઞાન ભંડારમાંના સુંદર શબ્દગુચ્છોથી શોભતો એકાદ લેખ વાંચવાની આશા રાખી હતી. પરંતુ પોતાના જુઠા રૂપધરી 'સાધુતા'ને ઢાંકી દેતી એ 'મહત્વકાંક્ષા'નું ભુત એમને છોડે ત્યારે ને? મહાન ગણાતી વ્યક્તિઓની આ પરવશ દશા તેમને 'વામન' બનાવે છે. એ એમને નથી સ્હમજાતું. એ એમના જીવનની ઓછી 'કરૂણતા' છે?

❖ ❖ ❖

એક કલ્પના કરીએઃ આ વિશાળ જગતને પ્રકાશ આપતો એક જ સૂર્ય છે. પણ પ્રત્યેક વર્ષે એક એક એમ સૂર્યો વધતા જ જાય તો? તો પ્રકાશનું પ્રમાણ વધતું જાય. પણ એ ઘણા સૂર્યોના તાપથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવથી માંડી માનવપ્રાણી પર્યંતનું કોઈ આ સૃષ્ટિ ઉપર હયાત રહી શકે ખરૂં? અને જ્યારે એ સૂર્યોમાંથી પ્રત્યેક પોતાને મોટો ગણાવા માટે પ્રવૃત્તિ આદરે અને અંતે અથડામણમાં ઉતરે ત્યારે શું થાય? એજ બને કે એ અથડામણમાંથી જે તણખા ખરે તેમાંથી ન ઓલવી શકાય એવો દાવાનળ સળગે. અને એમાં બધું ભસ્મ બને.

( અનુસંધાન પૃષ્ઠ ૪૨ જુઓ )

# સુરતમાં શ્રી પરમાનંદભાઇ.

તહેમને મળેલો અપૂર્વ સત્કાર. અમદાવાદ ખાતેના ભાષણ માટે પૂછાએલા અનેક પ્રશ્નો.

પ્રીતીભોજનમાં હજારો માણસોએ લીધેલો ભાગ. અમદાવાદની રૂઢિચુસ્ત સંઘશાહીને સિધ્ધો પડકાર.

હું કદિ ધર્મવિરૂદ્ધ બોલ્યો નથી. શ્રી પરમાનંદભાઇનો પડકાર. સુરતમાં જૈન યુવક સંઘની સ્થાપના.

સુરત તા. ૨૭ સપ્ટેમ્બર ૧૯૩૬.

અમદાવાદમાં મળેલ બીજી જૈન યુવક પરિષદના પ્રમુખસ્થાનેથી કરેલા પરમાનંદભાઇના ભાષણે જૈન જગતમાં ખૂબ ઉહાપોહ મચાવ્યો છે અને તે માટે અમદાવાદના જૈન સંઘે તહેમની જોડેનો વ્યવહાર બંધ કરવાનો કહેવાતો ઠરાવ કર્યો છે. આ ઠરાવનો સ્થળે સ્થળેથી વિરોધ ઉઠાવવામાં આવ્યો છે. ખુદ અમદાવાદના યુવાનોએ તહેમને પ્રીતિભોજનનું આમંત્રણ આપી હજારોની સંખ્યામાં ભાગ લઈ એ કહેવાતા ઠરાવને નહિં સ્વીકારવાનો પડકાર કર્યો હતો. સુરતમાં પણ એ ઠરાવ સ્હામે ઉગ્ર વાતાવરણ બંધું થયું હતું. અને તે સ્હામે સક્રિય વિરોધ બતાવવા ત્યાંના યુવકોએ શ્રી પરમાનંદભાઇને પ્રીતિભોજન માટે આમંત્રણ આપ્યું હતું.

શ્રી. પરમાનંદ ભાઈ રવિવારે સ્હવારે ૭ વાગે સુરત પધારતાં સ્ટેશનપર જૈનયુવકોએ તેમનો ભાવભર્યો સત્કાર કર્યો હતો. શ્રી પરમાનંદ સાથે મુંબઈથી શ્રી મણિલાલ એમ. શાહ, શ્રી અમીચંદ ખેમચંદ શાહ, શ્રી તારાચંદ કોઠારી, શ્રી મણિલાલ નાણાવટી અને અમદાવાદથી શ્રી શકરાભાઇ શેઠ અને શ્રી ડિંકરદાસ આવ્યા હતા. સ્વાગત બાદ શ્રી પરમાનંદ કાપડીયા નાનપુરમાં ડૉ. અમીચંદને ઘેર ગયા હતા. જ્યાં તેમના ઉતારાની સગવડ રાખવામાં આવી હતી. સ્હવારે નવ વાગે શેઠ હરીચંદ વીરચંદ શ્રોફને ત્યાં સ્હાપાણી રાખવામાં આવી હતી. ત્યાં હાજરી આપ્યા બાદ શ્રી કાપડીયા વિઠ્ઠલવાડીમાં જૈન યુવકો સાથે રખાયેલા વાર્તાલાપમાં પધાર્યા હતા. વાર્તાલાપ સમયે યુવાનોએ એમના ભાષણપરથી ઉભી થતી શંકાઓ પૂછી હતી અને શ્રી કાપડીયાએ દરેકને સંતોષકારક જવાબો વાળ્યા હતા.

**પ્રશ્ન:**–સંઘબહાર મૂકવામાં તમારા ભાષણો ઉપરાંત બીજું કંઇ અંગત કારણ અગર આગલા પાછલા બનાવો કારણભૂત હોય એમ તમો માનો છો ?

**જવાબ:**–બીજા કારણની તો મને ખબર નથી. અને હોય તો એ લોકો જાણે. પ્રકટ કારણ મારું ભાષણ છે અને એ ભાષણ જે લોકો રૂઢિચુસ્તો છે તેમને આઘાત પહોંચાડે તેવું હોવાથી તેઓએ આ ભાષણના વેગને અટકાવવા આવું પગલું ભર્યું છે. પણ તેથી તો ઉલટો મારા ભાષણને વધુ વેગ મળ્યો છે. અંગત કારણ હોય એમ હું માનતો નથી.

**પ્રશ્ન:**–આપનું ભાષણ જૈનધર્મના સિદ્ધાન્તો વિરૂધ્ધનું હોય એમ આપ માનો છો ?

**જવાબ:**–જૈનધર્મનો સિધ્ધાંત અને ધર્મની રૂઢી એ બે વસ્તુ ભિન્ન છે. મારું ભાષણ રૂઢિ વિરૂદ્ધ છે પણ જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતો જેવાં કે: આત્માનું અસ્તિત્વ, અને અહિંસા સત્ય તેથી જરાયે વિરૂદ્ધ નથી. જૈનધર્મના સિદ્ધાંતોને મૂળભૂત બાધક મારૂં ભાષણ હોય એમ મને લાગતું નથી. કારણ હું અંગત રીતે નાસ્તિક નથી જ. લોકો મારા ભાષણનો વિરોધ કરે છે તેમનું અને મારૂં દૃષ્ટિબિંદુ જુદું છે.

**પ્રશ્ન:**–તમે કંદમૂળ ખાવાનો ઉપદેશ આપ્યો છે ?

**જવાબ:**–મેં કંદમૂળ ખાવાની હિમાયત કરી નથી પણ પાષ્ટિક ખોરાકની જરૂરીઆત તરીકે કોઇ ખાય તો હું તેને પાપી ન ગણું. પ્રજાના શરીરના ધોરણ ખાતર એ ખાવામાં વાંધો નથી. ગાંધીજી હમણાં લસણ ખાય છે અને તેથી બ્લડપ્રેસર પર ફાયદો છે. હું ખાનપાનનો વિલાસ સૂચવતો નથી. પણ શરીર અને મનને મજબુત કરવા માટે ખાવામાં હરકત નથી. હું લીલોતરીનો ખાસ આગ્રહ કરૂં છું. રાત્રિ ભોજનની વિદ્યાર્થી માટે આવશ્યકતા છે; કારણ તેમને રાત્રિભોજન કરવાની મનાઇ કરવાથી એમનાથી રમતગમતમાં ભાગ લઇ શકાતો નથી અને તેથી તેમના શરીર માયકાંગલાં થતાં જાય છે.

**પ્રશ્ન:**–મૂર્તિના શણગાર અને આંગી બંધ કરવાની તમે હિમાયત કરો છો ?

**જવાબ:**–હું એમ માનું છું કે મૂર્તિ એવી હોવી જોઇએ કે જે તેની પાછળનો ભાવ સૂચવે. મહાવીરસ્વામિની મૂર્તિ ત્યાગીની છે તો પછી તેને અલંકારની શી જરૂર છે ? મંદિરની શોભા પાછળ આટલો બધો ખર્ચ બીન જરૂરી છે. કદાચ મહાવીરસ્વામિ આવીને અત્યારે પોતાની જ મૂર્તિ જુએ તો જરૂર તેમને પણ એમ થાય કે આ શું ? જેનો મેં ત્યાગ કર્યો છે તેને જ તમે મારા ગળામાં પહેરાવો છો ? અને આવી રીતે સાદાઇ લાવવાથી કદાચ દિગમ્બરો અને આપણે વધુ નજીક આવતા જઇશું. શણગાર એ તો રૂઢિની શ્રુંખલા છે.

**પ્રશ્ન:**– આંતરશુદ્ધિને બાહ્યસ્વરૂપની શી જરૂર છે એમ કહી તમે સાધુઓના વેશનો વિરોધ કરો છો ?

**જવાબ:**–મારો આશય એ જ છે કે તમે વેશ પૂજાની પાછળના મોહને છોડી ગુણને પૂજો. ચારિત્રને પૂજો. વેશ સામે મારો એટલો જ વિરોધ છે કે તેથી ગુણદૃષ્ટિ લુપ્ત થઈ છે. ગુણ હોય અને વેશ પણ હોય તો વધારે સારૂં છે ને વધારે પૂજનીય છે; પણ ગુણ વિનાનો વેશ નિરર્થક છે.

**અહિંસાની સાચી સમજણ:–**

બીજે એક પત્રકારબંધુએ થોડા પ્રશ્નો પૂછ્યા હતા, તેના જવાબમાં શ્રી કાપડીયાએ જણાવ્યું હતું કે: અહિંસાની સાચી સમજણ માટે વિવેકની જરૂર છે. અહિંસક તો સાચો નિડર હોવો જોઇએ તેને બદલે જૈનો અહિંસક હોઇને વધારે ડરપોક બન્યા છે. વધારે વ્યાજ લેવું એ પણ એક જાતની હિંસા જ છે. જ્યારે સંગ્રહવાદ અંગીકરી ત્યારે વ્યાજને બધું જ જરી. સામાની મુંઝવણનો લાભ

લઇ તેની પાસેથી વધારે વ્યાજ લેવું એ હિંસા જ છે. જૈનોનાં જમણવારમાં જે ગંદવાડ હોય છે તેની મને પણ ખુબ ચીઢ છે.

**સ્વચ્છતા:–**

મારૂં તો માનવું છે સ્વચ્છતાનો પાઠ શીખવવા જૈનોને છ છ માસ જેલમાં મોકલવા જોઇએ. જેલના જેવી સ્વચ્છતા બીજે કયાંય નથી.

એ બાદ ફરી જૈન યુવકોએ પ્રશ્નો પૂછતાં તેમના જવાબમાં શ્રી કાપડીયાએ જણાવ્યું કે: સાધુઓ પર જૈનસંઘની સત્તા ઘટી છે તેથી જ તેઓ નિરંકુશ બન્યા છે. સાધુઓ પર સમાજના અંકુશની જરૂર છે પણ તેથી તેમના વાણી સ્વાતંત્ર્ય પર કાપ પડવો ન જોઇએ.

**દેવદ્રવ્ય:–**

એ બાદ દેવદ્રવ્યના પ્રશ્ન પર બોલતાં જણાવ્યું કે: દેવદ્રવ્ય સમાજ હિતમાં જ વાપરવું જોઇએ. જો મંદિરો અને મૂર્તિઓ ટકાવી રાખવા હોય તો દેવદ્રવ્યને સમાજના હિતમાં વાપરવાની સાધુઓએ જ સલાહ આપવી જોઇએ. દેવદ્રવ્યમાંથી શાળાઓ. હોસ્પિટલો વગેરે ચલાવવા જોઇએ.

એ બાદ એક ભાઇએ પ્રશ્ન કર્યો કે: શ્રી શાંતિલાલ શાહે એવું ભાષણ કર્યું હતું કે સાધ્વીઓને નર્સો બનાવવી જોઇએ તે સાથે તમો સમંત છો કે નહિ ? તેના જવાબમાં જણાવ્યું કે: એ વસ્તુની ભાવના સાથે હું સંમત છું. સાધુઓ અને સાધ્વીઓનું જૈન સમાજ ભરણ પોષણ કરે છે તો સાધુ–સાધ્વીઓએ તેના બદલામાં જૈન સમાજની સેવા કરવી જ જોઇએ.

**યુવકસંઘની સ્થાપના:–**

એ બાદ બપોરના ત્રણ વાગે હરીવિઠ્ઠલવાડીમાં યુવકોની સભા મળી હતી અને તેમાં શ્રી સુરત જૈન યુવકસંઘની સ્થાપના કરવામાં આવી હતી. તથા કામચલાઉ ઓફીસરો ની ચુંટણી કરવામાં આવી હતી. જે પ્રસંગે બોલતાં શ્રી પરમાનંદે યુવાનોને સત્યને વળગી સમાજમાં જ્યાં જ્યાં અન્યાય થતો હોય ત્યાં ત્યાં તેનો સામનો કરવાની સલાહ આપી હતી. આ સભામાં યુવાનો તથા વૃદ્ધોએ પુષ્કળ સંખ્યામાં હાજરી આપી હતી સ્ત્રીઓની સંખ્યા પણ પુષ્કળ હતી. અને વિઠ્ઠલવાડીના વિશાળ હોલમાં પાછળથી આવનારને માટે જગ્યા મેળવવાની મુશીબત ઉભી થતી હતી.

**પ્રીતિભોજન:–**

એ બાદ પાંચ વાગે પ્રીતિભોજન થયું હતું. જેમાં પણ સંખ્યાબંધ જૈનોએ ભાગ લીધો હતો. આમ અમદાવાદના સંઘને સુરતે પડકારથી જવાબ વાળ્યો છે.

**રાંદેરમાં:–**

સુરતને પગલે ચાલી રાંદેરે પણ શ્રી પરમાનંદ કાપડીયાને રાંદેર બોલાવતાં શ્રી પરમાનંદ સાંજના રાંદેર ગયા હતા અને ત્યાં પણ ભાષણ આપી મોડી રાત્રે મુંબઇ તરફ વિદાય થયા હતા.

**રાંદેરમાં શ્રી પરમાનંદને સ્નેહ ભોજન.**

નાનાવટમાં આવેલ વિઠ્ઠલવાડીમાં શ્રી પરમાનંદ કાપડીયા તથા સુરત જૈન યુવક સંઘના નેતાઓએ સહભોજન લીધા બાદ તેઓ સાંજે રાંદેર રવાના થયા હતા. જ્યાં રાતે આઠ વાગે એક સભા મળી હતી. સભાના પ્રમુખ પદે શ્રી ઉજમશી શાહને નિમવામાં આવ્યા હતા.

સભામાં શ્રી પરમાનંદ કાપડીઆએ આભાર માનીને જણાવ્યું કે: શહેરમાં જે ઝઘડા અને ટંટા થાય છે તેનાથી તદ્દન અલગ રહેજો. જ્ઞાતિમાં મિત્રાચારી વધે તેવી નીતિ અખત્યાર કરજો અને સમાજનું વિશાળ હિત સધાય તેવા કાર્યો કરવાને તેમણે જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું કે કોઇપણ માણસની દોરવણીએ ન દોરાઇ જતાં તમારો અંતરાત્મા કહે તે રસ્તા ઉપર જ પગલાં મુકજો.

શ્રી પરમાનંદ કાપડીયાનું ભાષણ પૂરૂં થયા બાદ સભાજનોએ તેમને 'દેવદ્રવ્ય' તથા 'રાત્રિભોજન' એ વિષય ઉપર કેટલાંક પ્રશ્નો પૂછ્યાં હતાં.

પ્રશ્નોના સંતોષકારક જવાબ આપીને શ્રી પરમાનંદે અતિ નમ્ર બનીને જણાવ્યું કે તેણે તો સમાજ આગળ તેના વિચારોનો રસથાળ રજુ કર્યો છે. વધુમાં તેમણે જણાવ્યું કે: મને કોઇ આચાર્ય માની લેશો નહિ.

વિઠ્ઠલવાડીમાં થયેલ ભોજન સમારંભમાં લગભગ હજારથી વધુ માણસોએ ભાગ લીધો હતો.

# ક્ષમાશ્રમણોને ચરણે !

(રઢિયાળી રાતના કે બહુ ધાયલ હે ઝાડી... એ રાગ.)

લોહી નીતરતાં કંઇ કંઇ માથાં ઉપાશ્રયેથી આવે,
ધર્મઝનૂનનાં વિષ પીધેલાં મુંડકાશાહી ચલાવે.
ધમાલ મારો ખાતાં રે–મુખથી મંત્ર અહિંસા ગાવે. લોહી૦
અર્થ વિહોણાં બારસ તેરસનાં ઝઘડા નિપજાવે,
નિજ મંતવ્યો સાચાં કરવાં પરનાં લોહી વહાવે,
એક સાધુની હઠવૃત્તિએ સમાજે હોળી સળગે. લોહી૦
ક્ષમા વીરસ્ય ભૂષણ સત્રો ગર્વ ધરી ગુમાવે.
સ્વામિવાત્સલ્ય સ્વજનો કેરું પોલીસથી જ કરાવે.
ભૂલી આદર્શ અહિંસાનો જગમાં વીરનો ધર્મ લજાવે. લોહી૦
લોક વિલોકે દેશવિદેશે તિરસ્કૃત જૈનો થાયે
ગલીએ ગલીએ વાત પૂછાયે લડે ભાઇથી ભાઇઓ.
વિષમ એ આપસના યુદ્ધો કદાગ્રહી મુનિ હઠ ઉપજાવે. લોહી૦
કોઇ અભાગી પળે અમારી શાંતિને સળગાવી.
જે સ્થળ દાખ્યા આત્મસુધાના ત્યાંજ હળાહળ રેલે.
અનર્થો હજીએ શું આવે ખરે એ રામ હદય જાણે. લોહી૦
પુન્ય ભરેલા પર્વ પજુસણ આ રીતે ઉજવાયે.
દિન દિન ઉગ્રે હૈયાં ફફડે આજે શું શું થાશે.
અશાંતિ અાતશ જ્યાં પ્રજળી આર્તધ્યાને ટોળાં ઉછળે. લોહી૦
જાગૃત જૈન બિરાદર થઇને સમય વિચારી ચેતો.
સત્તા સંઘ તણી દઢ કરવા અંધશ્રદ્ધાને મૂકો.
મણિમય મંત્ર મહાવીરનો ગુણીના ચરણોમાં ઝુકો. લોહી૦

—રા. મણિલાલ જયમલ શેઠ.

૧૧-૩૬



# શ્રી મુંબઇ જૈન યુવક સંઘે ગોઠવેલ પજુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિ.

આ સાલ પર્યુષણના પવિત્ર દિવસોમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ગોઠવેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જૈન સમાજે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હીરાબાગનો હોલ ભાઇઓ અને બહેનોથી ચીકાર ભરાઇ જતો અને જગ્યાની સંકડાસથી ઘણાને પાછા જવું પડતું હતું.

શરૂઆતમાં પ્ર. ભાદરવા વદી ૧૩ ને રવિવારથી વ્યાખ્યાનમાળાની ગોઠવણ હીરાબાગમાં કરવામાં આવેલી અને નિયમિત સવારના નવથી અગીઆર સુધી પ્રવચનો ચાલતાં અને શ્રોતાઓ શાંતિથી શ્રવણ કરતા.

હીરાબાગમાં રવિવારથી શનિવાર સુધીમાં નીચેના વિષયો પર વકતાઓએ પ્રવચનો કર્યાં હતાં.

જૈન ધર્મ અને સમાજવાદ–શ્રી શાંતિલાલ શાહ.
જૈન ધર્મની દ્રષ્ટિએ નિજીજીનું સ્વરૂપ–પંડિત શ્રી દરબારીલાલજી.
મહાત્મા ગાંધીજીના ધાર્મિક વિચારો–શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ.
બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિ–શ્રી. ધર્માનંદ કોસંબી.
આજનો સાધુ નવીન માનસને દોરી શકે ?–પંડિત સુખલાલજી.
અહિંસા–શ્રી. રામનારાયણ પાઠક.
શ્રી ભગવાન મહાવીરના ઉપસર્ગો–શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.
ત્રણ ફિરકાના ઐકયનું વ્યવહારિક સ્વરૂપ–પંડિત શ્રી દરબારીલાલજી.
ધર્મ અને વહેમો–પંડિત નાથુરામજી પ્રેમી.
જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ–શ્રી. જિનવિજયજી.
સ્વામિ વિવેકાનંદના પ્રેરણાત્મક વિચારો–શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ.
જૈનધર્મ અને સમાજવાદ–શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ.
સામાજીક પ્રગતિના સાર્વભૌમ નિયમ–શ્રી. કાકાસાહેબ કાલેલકર.

જગ્યાની સંકોચને લીધે ઘણા ભાઇઓને પાછું જવું પડતું હોવાથી બી. ભાદરવા શુદી ૪ ને રવિવારે પર્યુષણના છેલ્લા દિવસે કાલબાદેવી માંગ-વાડી થીએટરમાં વ્યાખ્યાનમાળાની ગોઠવણ કરવામાં આવેલી. સવારના આઠથી જ ભાઇઓ અને બ્હેનોએ આવવાની શરૂઆત કરેલી, નવ સવા નવ વાગતાં ભાઇઓ અને બહેનોથી આખું થીએટર ચીકાર ભરાઇ ગયું હતું. આખરે ઉભા રહેવાની જગ્યા ન હોવાથી થીએટર બહાર લાઉડ સ્પીકરની ગોઠવણ કરવાની ફરજ પડી હતી.

શરૂઆતમાં પંડિતવર્ય સુખલાલજીએ 'ભગવાન મહાવીર' ઉપર લગભગ એક કલાક સુધી દાખલા દલીલો સાથે પ્રવચન કર્યા બાદ કાકાસાહેબ કાલેલકરે લગભગ પોણો કલાક 'ભગવાન મહાવીર' ઉપર વિવેચન કર્યું હતું બાદ પંડિત દરબારીલાલજી 'દેવદ્રવ્યનો ઉપયોગ' એ વિષય ઉપર બોલ્યા પછી સભાજનોના આગ્રહને માન આપી શ્રી. જિનવિજયજી બોલ્યા હતા. બાદ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી મણીલાલ એમ. શાહે. કાકાસાહેબ કાલેલકર, પંડિત સુખલાલજી, પંડિત દરબારીલાલજી, શ્રી જિનવિજયજી જેઓ આ ભાષણ શ્રેણી અંગે બનારસ, વર્ધા અમદાવાદથી પધારી ટાઇમ આપ્યો છે તેમ શ્રી ધર્માનંદ કોસંબી, શ્રી પાઠક વિગેરે વકતાઓએ અમારા આમંત્રણને માન આપી જે લાભ આપ્યો છે તે બદલ સૌનો ઉપકાર માન્યો હતો. તેમ હીરા-બાગના ટ્રસ્ટીઓએ વ્યાખ્યાનમાળા અંગે કાંઇ પણ લીધા વિના તેમનો હોલ આપેલો તેમ આજે શ્રી હરગોવિંદદાસે કંઇ પણ લીધા સિવાય માંગવાડી થીએટર આપ્યું તે બદલ સર્વનો આભાર માની લગભગ બપોરે બાર વાગે સભા વિસર્જન થઇ હતી.

વ્યાખ્યાનમાળામાં જૈન સમાજનો ઉત્સાહ અને તે પ્રત્યે તેણે બતાવેલી લાગણીથી એમ કહેવું પડશે કે જૈન સમાજ પ્રણાલિકા વાદથી કંટાળ્યો છે. પછી એ ધર્મના નામે ચાલતી હોય કે સમા-જના નામે ચાલતી હોય, તેને તો જીવનપર સુંદર અસર થાય, સુંદર સંસ્કારો પડે તેજ જરૂરી લાગે છે. બાકી ધાંધલ ધમાલથી એ કંટાળ્યો છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જેઓએ પ્રવચનો કર્યાં છે તે તમામ વ્યાખ્યાનો પુસ્તક તરીકે બહાર પડશે. જેની કિમ્મત ફકત આઠ આના જ રાખવામાં આવી છે એટલે જેઓ ગ્રાહક થવા ઇચ્છતા હોય તેઓ **શ્રી મુંબઇ જૈન યુવક સંઘ. ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ, પારસીગલી** એ શિરનામે લખી જણાવે આજરા મળી જાય.

---

'ચિન્તન'.........પૃષ્ઠ ૩૯ નું ચાલુ

જૈન જગતના ન્હાનકડા આકાશમાં એક નહિ; બે નહિ પણ પંચાસ પચાસ આચાર્યસૂર્યો પ્રકાશે છે, તેની ગરમીથી જ આટલી જાગૃતિ કેમ ન આવી હોય ? અગર તેમની અથડામણના પ્રતાપે વેરાયેલા તણખાએ જ આ કલેશનો દાવાનળ કેમ ન સળગ્યો હોય ? અનુભવ કહે છે: કે વાકયને છેડે પ્રશ્નાર્થક ચિન્હ નહિ પણ પૂર્ણ વિરામ મૂકાવાની જરૂર છે. આમ છતાંય પ્રત્યેક વર્ષે થોડા આચાર્યો વધ્યા જ કરવાના એ નિ:સંશય છે. અને એ પણ નિ:સંશય છે કે જેમ જેમ આચાર્યો વધતા જશે તેમ તેમ સાધુ સંસ્થા વધુ ને વધુ નિર્નાયક બનતી જશે. છિન્નભિન્ન બની જશે. તેમની વચ્ચે મતભેદોના આજે છે તેનાથી અનેકગણા બીજા પ્રશ્નો ઉપસ્થિત થયા જ કરશે. અથડામણો ચાલુ જ રહેશે. તેમાંથી તણખા ઉડી ઉડીને 'શ્રાવક સંઘને' દઝાડતા જશે. અને એ સ્થિતિ જો ચાલ્યા જ કરે તો ? તો ભયંકર દાવાનળ પ્રગટે. અને તેમાં 'જૈનસમાજ' બળીને ખાખ બને એ જ અનિવાર્ય પરિણામ કલ્પી શકાય.

અને આ તકે 'શ્રાવક સંઘે' વિચારવાનું છે તે એ જ કે: સાધુ, ગણિ–ઉપાધ્યાય, પ્રવર્તક, આચાર્ય અને સમ્રાટની પદવીઓ જુની થઇ ગઇ છે. એટલે કદાચ હવે પછી 'યુગપ્રધાન'ના પદ પાછળ હરિફાઇ જાગવાનો પુરતો સંભવ છે. અને આજના એ 'માનભિક્ષુઓ'–ના ટોળામાંથી કોકને એ પદની ભૂખ લાગી હોય એવું આજના અશાંત અને ઉકળાટભર્યા વાતાવરણને તટસ્થ અને વેધક દ્રષ્ટિએ નિહાળતાં દેખાઇ આવે છે, એટલે આપણે જેમના હાથમાં આપણા નાવનું સુકાન સોંપ્યું છે તેમના હાથમાં હવે એ સુકાન સલામત નથી એમ સ્હમજી લઇ કંયા તો તેમની 'સાન' ઠેકાણે લાવવી. યાતો સુકાન છીનવી લેવું એ જ ઉચિત માર્ગ છે.

અને આ ટુંકી સમાલોચનાને અંતે 'સાધુસંઘ'ને વિચારવા માટે બે જ શબ્દો લખવાના છે. ફુરસદ હોય તો વિચારજો: "જૈનશાસનનું ઉત્થાન થઇ રહ્યું છે કે પતન ? અને એ બંને સ્થિતિમાંથી એકને નોતરવામાં તમે શો અને કેટલો ફાળો આપ્યો છે ?" અસ્તુ.

# વ્હેતાં વ્હેણ

સંભળાય છે કે: કારતક શુદી ૧૫ પછી લાલબાગનો ઉપાશ્રય ખાલી કરવાની નોટીસ મળી છે. શ્રી રામચંદ્રસૂરિના પવિત્ર ચરણો જ્યાં જાય ત્યાં તેવી નોટીસ ન મળે તો પછી ત્હેમના આગમનનું ફળ શું?

❖ ❖ ❖

શ્રી રામચંદ્રસૂરિએ મુંબઈના ચાતુર્માસ દરમ્યાન પ્રત્યેક ઉપાશ્રયોનાં કિલ્લાઓ સર કરવાનો મનસુબો ઘડ્યો હતો. અને તેટલા ખાતર ત્હેમના સાધુઓને જુદા જુદા વિભાગોમાં વ્હેંચી નાંખ્યા હતાં. પરંતુ કમનસીબે બારસ તેરસના મતભેદે ત્હેમને ત્હેમના મનસુબામાં નિષ્ફળ બનાવી દીધા છે. પ્રત્યેક ઉપાશ્રયેથી ત્હેમના સાધુઓને જાકારો મળી રહ્યો છે. અને કારતક શુદિ પુનમ પછી મુંબઈમાં કયે સ્થળે નિવાસ કરવો તે સંબંધી વિચારણા ચાલી રહી છે. કડીયા, સુથારો વગેરે ત્હેમાં સાથ આપી રહ્યા છે. મ્હને લાગે છે કે કદાચ પાટણમાં જેમ 'રામથીએટર' બંધાયું ત્હેમ મુંબઈમાં પણ તેનું પુનરાવર્તન કરવામાં આવે...

❖ ❖ ❖

રૂઢિચુસ્ત પક્ષમાં પણ ખૂબ આંતરવિગ્રહ ચાલી રહ્યો છે. શ્રી સાગરાનંદસૂરિ અને રામચંદ્રસૂરિના સૈન્યોના વિભાગો પડી ગયા છે. આગેવાનોમાં અંગત મતભેદો ખડા થયા છે. તે કદાચ ઉગ્ર વાતાવરણ ખડું કરે તો આશ્ચર્ય પામવા જેવું નથી.

❖ ❖

કહેવાય છે કે: પરમાનંદ પ્રકરણમાં શ્રી નેમવિજયજી સોસાયટીની આગેવાની લઇ ખૂબ પસ્તાય છે. કારણ કે શ્રી રામચંદ્રસૂરિ ત્હેમને મુરબ્બી માનવાનો સાફ ઇન્કાર કરે છે.

❖ ❖ ❖

ઉપાધ્યાય શ્રી ક્ષમાવિજયજી મહારાજને દીક્ષા લીધે આજે વીસ વરસ થયા પરંતુ આ સાલ ત્હેમને જે અનુભવ થયો ત્હેવો અનુભવ ત્હેમને જીંદગીમાં કદિ થયો નથી. પણ આ તો પાલીરામાં પહેલી પુણી છે. મહારાજ! હજુ તો રામચંદ્રસૂરિના પ્રતાપથી એવા તો આપને કંઇક અનુભવ કરવા પડશે. સ્હમજ્યા સાહેબ!

❖ ❖ ❖

કહે છે કે: જામનગરમાં સાગરજી મહારાજના એક પ્રવચને ખૂબ ખળભળાટ મચાવ્યો છે. મહાવીરના એ સિદ્ધા વારસદારો મહાવીરના અનુયાયીઓની જ કતલ કરવાનો ઉપદેશ નહિ આપે તો પછી સમાજની સંખ્યા ઘટશે શી રીતે? આજના સંઘને 'શંખ' અને 'હાડકાનો માળખો' કહેનારા પાસેથી બીજી કઇ જાતની આશા રાખી શકાય?

❖ ❖ ❖

કહે છે કે: રાધનપુરમાં આ વખતે પર્યુષણમાં બારસવાદીઓએ ખૂબ ધમાલ કરી હતી. હોય! ભાઈ હોય! શ્રી રામચંદ્રસૂરિજીનું ઝનૂન ત્હેમના ભક્તોમાં ન હોય તો પછી તે રામભક્તો શાના?

❖ ❖ ❖

મુંબઈનાં પર્યુષણમાં આ વખતે ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં અને બ્હાર સ્વધર્મીબંધુઓનું રક્ત રેડવામાં આવ્યું. સ્વધર્મી સિવાય બીજા કોઇનું રક્ત રેડવા જાય તો માથું જ ભાંગી નાંખેને! એ ક્યાં અહિંસાવાદી હતા?

❖ ❖ ❖

કહે છે કે: સમાજમાં દિન પ્રતિદિન નવા નવા મતભેદો ઉભા થતા જાય છે. પણ ત્હેમાં આશ્ચર્ય શું છે? જ્યારથી શ્રી રામવિજયજી અને સાગરજીને જ્ઞાનનું અજીર્ણ થયું ત્યારથી જ શાસનદેવે ત્હેમને મતભેદો ઉભા કરવાનો અને એ રીતે જીવવાનો શાપ આપ્યો હતો.

❖ ❖ ❖

સાદડીમાં જ્યારથી શ્રી. લબ્ધિસૂરિજી પોતાની લબ્ધિનો સ્વાદ ચખાડી રહ્યા છે ત્યારથી સંઘમાં ખૂબ વિખવાદ ઉભો થયો છે. ત્હેમના ભક્તો ગુરૂજીને ખુશ રાખવા ખૂબ પ્રયત્ન કરી રહ્યા છે. પણ ત્હેમ કરીને સારાયે સંઘના સંગઠનનો નાશ કરી રહ્યા છે. સંભળાય છે કે: શુભચિંતક સમાજવાળાઓ જોડે કોઇ પણ જાતનો સંબંધ રાખવો નહિ તે માટે સહીઓ લેવાઇ રહી છે. પણ સહીઓનો કાગળ ઉપાશ્રયની બ્હાર નિકળતો જ નથી.

❖ ❖ ❖

સંભળાય છે કે: નીતિસૂરિ, કનકસૂરિ, લબ્ધિસૂરિ અને રામચંદ્રસૂરિના પરિવાર સિવાય પ્રત્યેક સૂરિઓના પરિવારે તેરસથી પર્યુષણ પર્વનો મહોત્સવ ઉજવ્યો હતો. શ્રી રામચંદ્રસૂરિ જો કંઇ પરિવર્તન નહિ કરે તો પછી જુદો ગચ્છ સ્થાપન કરી 'યુગપ્રધાન' શી રીતે બની શકશે?

❖ ❖ ❖

કોઇ કહેતું હતું કે: બારસ–તેરસના મતભેદથી રામચંદ્રસૂરિજીને તાવ અને શરદી લાગુ પડી ગઇ હતી. અને પર્યુષણ જેવા પર્વમાં ત્હેમને પ્રવચન બંધ કરવું પડ્યું હતું. અરે! એ તો સાગરજી સ્હામે પડકાર કરવાની તૈયારી કરવા શાસનદેવની આરાધના કરી રહ્યા હતા. ભાઇ!!!

❖ ❖ ❖

ઝેરશાસનના લંબા;ચોડા વધારા પર્યુષણ પછી બંધ થયા જણાય છે. બંધ જ થાય ને! રોજ રોજ પરમાનંદ વિરોધી ઠરાવો લાવવા ક્યાંથી?

❖ ❖ ❖

કહે છે કે: પરમાનંદ પ્રકરણ પછી શ્રી નેમવિજયજી પોતાની મૂર્તિને કદંબગીરીમાં પધરાવી જીવતાં પૂજાવાની પેરવીમાં પડ્યા છે. પણ એ તો ખરી વાત છે કે જીવતા પૂજાવાના કોડ નહિ સેવે તો ક્યારે મર્યા પછી સેવશે?

❖ ❖ ❖

સંવત્સરી જેવા પર્વના દિવસે વંશ પરંપરાગત કલ્પસૂત્રનું શ્રવણ ન કરતાં લોકો ભાંગવાડી થિયેટરમાં નવીન વક્તાઓના વ્યાખ્યાન સાંભળવા ગયાં હતાં. એ જ બતાવી આપે છે કે: વંશ પરંપરાગત રૂઢિઓમાં હવે લોકોને વિશ્વાસ રહ્યો નથી અને કંઇક નવીન જાણવા સ્હમજવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઇ છે.

# ધર્મગુરૂઓની આવતી કાલ.

અમુક સંપ્રદાયના ધર્મગુરૂઓને ઉદ્દેશીને આ લખાણ નથી, કોઈ અમુક વર્ગના કટાક્ષ માટે પણ નથી. ને નથી કોઇ પાદરી, મૌલવી, મહંત કે મુનિ માટે; પણ સમગ્ર જગતમાં જ્યાં જ્યાં ધર્મ ગુરૂ જેવી સંસ્થા અસ્તિત્વમાં છે તે આખા સમુદાયને દ્રષ્ટિબિન્દુમાં રાખી, ધર્મગુરૂઓની આવતી કાલ કેવી હશે તે હું કહ્યું છું. ઇતિહાસના અભ્યાસીઓને ખબર હશે કે વિચારના આંદોલન સમું મહાશક્તિમાન બીજું કોઇ પણ એમાં બળ નથી. નીતિ નિયમના કાયદા મનુષ્યે જ રચ્યા. મનુષ્યે જ વિકૃતિ પેદા કરી અને આજે ઠેર ઠેર સંપ્રદાયરૂપે, ઇજારારૂપે, સ્થાપિત હક્ક રૂપે ધર્મની જે જે સલ્તનત ફેલી ઉછળતી છે તેનો વિનાશક પણ મનુષ્ય જ છે. આજે જે જે વહેમો, કલ્પિત માન્યતાઓ, દેવદાનવને નામે ચાલતી ભીતિઓ થોડે વત્તે અંશે પ્રવર્તિ રહી છે તેની પાછળ અજ્ઞાનતારૂપી મોટું આવરણ છે. ભીતિજન્ય શ્રદ્ધા છે. આજે તો ધર્મ વિધિવિધાન અને ક્રિયામાં જ આવી જાય છે. આજનો 'ધર્મ' ભેદાભેદ શીખવે છે. આજનો કહેવાતો ધર્મ માણસને અન્ય મનુષ્યની તુલનામાં નીચો લાવે છે. આજે ક્રાઇસ્ટના ઉપાસકો એશીયા અને આફ્રીકાના પ્રદેશોના ભોળી નીતિ વહેવરાવી તેમનાં ધનમાલ લુંટી ક્રાઇસ્ટની સંસ્કૃતિનો પ્રચાર કરવા ઉતાવળા થયા છે, આજે કોઈ ઉચ્ચ હેતુથી નહિ પણ રાજકિય કે આર્થિક હેતુથી જ હિન્દુ વધારે કે મુસલમાનો વધુ સંખ્યામાં કેમ બને તેથી તેઓ જ્યાં ત્યાં પોતાના ઉપદેશકો અને પ્રચારકો (Canvassers) મોકલી રહ્યા છે. આજે એક જ મહાવીરના ઉપાસકોમાં જ, તેરાપંથી તો હલકા, લાડવા શ્રીમાળી તો નીચિ કોટિના. એવા એવા ભેદો, વાડાઓ અને મતમતાંતરો માંહોમાંહે ધિક્કાર પ્રવર્તાવી રહ્યા છે. આવી પરિસ્થીતિમાં કોઈ વિચારક માનવી, આ વાડાઓ, સંપ્રદાયો અને કુંડાળાઓની બહાર ઉભો રહી પોતાનાં ઇચ્છિત ધ્યેય પ્રતિ જવા માગે તો તેમાં કશું જ ખોટું નથી. બલ્કે તેમાં જ ખરી મુક્તિ છે.

ચોપાસ નજર કરો તો જણાશે કે આજનો ધર્મ ગુરૂસત્તા વાંછે છે, મૂડીવાદની મૈત્રી ઝંખે છે, તેને આડંબરોની ઘેલછા છે, જમણવારો તેમજ નિવાસસ્થાન માટે આલિશાન ઇમારતો અને મુખ્યત્વે કીર્તિ માટે જ્યાં ત્યાં 'જ્ઞાનભંડારો' ઉભા કરવા છે. આજનાં ધાર્મિક પ્રચારકમંડળો મૂડીવાદ અને સ્થાપિત હકોની સાથે પ્રેમબંધનમાં પડ્યાં છે. લાલચથી અને ધમકીથી તેઓ વટાળનીતિ આદરી રહ્યા છે. સંસ્કૃતિ અને શાસ્ત્રોને નામે આજે દુનિયામાં જે કુટિલ નીતિ પ્રવર્તિ રહી છે તેનો હિસાબ ભવિષ્યનો ઇતિહાસકાર જરૂર માગશે. મનુષ્ય સમાજમાં જ્યાં જ્યાં ગરીબી, ત્રાસ અને અન્યાય પ્રવર્તિ રહ્યાં છે તેનું નિવારણ કરવાનો પ્રયાસ કરવાની તેમને ફુરસદ નથી. સમાજ રચના અને સામાજીક આંદોલનો, સમયના વહેવા સાથે પરિવર્તન પામતી પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાની તેમને કશીયે પડી નથી. મહત્તાના કલ્પિત શીખરેથી નીચે ઉતરી, બધાને પોતાથી ઉતરતા ગણતા સબડતા માનવ સમાજ તરફ મહેરબાની કરવી તે તેમની ફરજ બહાર છે. આજના ધર્મગુરૂએ ધર્મને તેનું શસ્ત્ર બનાવ્યું છે, પ્રેરણાનું નહિ પરંતુ નવરાશની પ્રવૃત્તિનું સાધન બનાવ્યું છે. આજના ધર્મગુરૂને સમગ્ર જગતની ન્યાયની અદાલત સમક્ષ ઉભો રાખીએ તો તેનો તેની પાસે કશો બચાવ નથી. બચાવ ફક્ત એટલો જ હોઇ શકે કે જે સમાજ આમને આમ છતાં પોષી રહ્યો છે તે જ ખરો ગુન્હેગાર છે.

ગઈ કાલે રશીયાએ 'ધર્મસ્થાનો'ને નાબુદ કર્યા, આજે સ્પેન તેવાં સ્થાનોને તાળાં દેવરાવી રહ્યો છે. સમાજનું અગત્યનું અંગ ગણાતી હતી તેવી ધર્મગુરૂઓની સંસ્થા શા સારૂ આવી અવહેલના પામી રહી છે તેનો કોઇ દિવસ આપણા મુનિરાજોએ વિચાર કર્યો છે ? કદી આંતર નિરિક્ષણ કર્યું છે ? આજે દુનિયાને ગાંડી અને ધર્મવિમુખ ગણનાર પદવીધરોએ મૂળના સડા તરફ કદીયે પોતાની નજર ફેરવી છે ? ધર્મનું લાયસન્સ લેનારાઓએ કદીયે પોતાના ઘરાકોની ખરી સ્થિતિ સમજવા પ્રયાસ આદર્યો છે ? આવી આવી કેટલીએ હકીકતો તેમની સામેના તહોમત-પત્રમાં સમાવી શકાએ. પોતાને જ્ઞાની ગણાવનાર વર્ગ હજીયે ભકતોની શ્રદ્ધા ઉપર વધુ રાચવા, વધુ જીવવા ઇચ્છતો હોય તો તેણે સમાજની નાડ પારખવી જોઇએ. પોતાનું માનસ બદલવું પડશે. પોતાના અમુક ગોઠીઆઓ ઉપર મુસ્તાક ન બનતાં દીર્ઘદ્રષ્ટિ વાપરી આખા યે સમાજની, ચાલુ સંજોગોમાં શક્ય તેટલી ઉન્નતિ કરવાના પ્રયાસ આદરવા પડશે. પ્રવૃત્તિના પ્રવાહ બદલ્યા સિવાય તેમનો છુટકો નથી. માનવસમાજને આજે ખરી ભૂખ લાગી છે ત્યારે તેઓએ તેમણે તેમનું ખરૂં ઔષધ જાણવું જરૂરી છે.

આમ નહિ બને તો કાળચક્રમાં 'ધર્મગુરૂઓની સંસ્થા' એક ભૂતકાળની વસ્તુ બની જશે.

**રા. નાનાલાલ દોશી.**

### રાધનપુરનું વાતાવરણ.

રાધનપુરનાં વાતાવરણમાં બારસ-તેરસના મતભેદે ઉશ્કેરાટ ફેલાવ્યો છે. લગભગ આઠસો ઘરની વસ્તીમાં ત્રીસેક ઘરોએ બારસથી પર્યુષણ ઉજવ્યાં હતાં. અને પહેલી ચોથની પાખી પળાવવા માટે ધમાલ મચાવી હતી. આયંબીલ ખાતું પણ પહેલી ચોથે બંધ રાખવામાં આવ્યું હતું. આયંબીલ ખાતું સમસ્ત સંઘનું હોવા છતાં શા માટે પહેલી ચોથે બંધ રાખવામાં આવ્યું તે માટે ત્હેના ટ્રસ્ટીઓ પાસેથી જવાબ માંગવો ઘટે છે. રાધનપુરમાં ઉગ્ર વાતાવરણ બહું થયું છે

આ પત્ર મણીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

નૂતન દૃષ્ટિ

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક છઠ્ઠો.
ગુરવાર તા. ૧૫-૧૦-૩૬.

## લગ્ન !

**: એક મિમાંસા. :**

બળતી મિણબત્તીઓને જળહળતી નિરખી નવી મિણબત્તીને એવા જ પ્રકાશનો પુંજ બનવાનું પ્રલોભન થાય છે. અગ્નિની એ મૈત્રી સાધે છે. એની વાટે દિવો પ્રગટે છે ને પ્રકાશ પ્રસરે છે. એ જળહળી ઉઠે છે ને ટમ, ટમ, ટમ, મલકતી એના વાટ દિપને નચવી રહે છે.

શાં મૂલ્ય એને ચુકવવાં પડે છે—આ ક્ષણભર્યા જળહળાટનાં ? એની વાટ ખતમ થાય છે. એનો દેહ ખતમ થાય છે અને જહેથી એ મોહવશ બની હતી એ જળહળાટ; ને એ દિપક પણ અસ્ત થાય છે; વર્તમાનકાળમાંથી ભૂતકાળમાં અવશેષહિન એ લુપ્ત થાય છે.

આપણાં લગ્નોનાં પરિણામ મહદ્ અંશે આથી જુદાં નથી. કુમાર ને કુમારી પરણ્યાં જોડલાંને સુખી કલ્પી, એમાં જ જીવનનું પરમ સુખ કલ્પી, સાથીદારમાં અપૂર્વતા આરોપી, સુનેરી કલ્પનાઓના જળહળતા રંગપર આંખ ઠેરવી એ સ્વપ્નસૃષ્ટિ પોતાની કરવા પરણે છે. એ પરણેછે ત્હારે એનાં મન-શરિર ઉડતાં હોય છે. એ પળે એનાથી વધારે સૌભાગ્યવંતુ કોઈ છે નહિ એમ એ માનતાં હોય છે. મિત્રો ને મુરબ્બીઓ એમાં સાથીઆ પૂરે છે; હર્ષના ધ્વની દિશાઓ ભરે છે અને અસંખ્ય અભિનંદન એમનાં હૈયાં ભરે છે.

નાચતાં હૈયાં નવી દુનિયા ટપી જવાની હોંશમાં રાચતાં હોય છે. એક માને છે 'જગમાં કૃષ્ણ પુરૂષ છે એક' એવા પુરુષની એને મૈત્રી મળી છે. બીજો માને છે 'કાળીદાસની શકુંતલા ને ઉર્વશી બન્ને મિશ્ર થઈ સદેહે જન્મેલી' એવી પ્રચતમાને રૂપે એને પોતાને પ્રાપ્ત થઈ છે. અને પરમ ભાગ્યવંતાં પોતાને માનીને એબન્ને સંતોષ અનુભવે છે.

નવિનતાની ચમકતી પળો વીતિ જાય છે અને સમયનાં વ્હેણ કલ્પના સૃષ્ટિના જળહળતા સુનેરી રંગોપરથી ઘસાઈને પસાર થાય છે. જહેમ જહેમ એ પ્રસાર થતાં જાય છે ત્હેમ ત્હેમ ઉખડતા સુનેરી રંગની નીચેનો અનાકર્ષક ભાગ દેખાવ દે છે અને કલ્પના પટે જ ઉર્ડ્યન કરતા પગ પૃથ્વીની નક્કરતા ઉપર ઉભીને વાસ્તવિકતાના તાણા વાણા નિરખે છે.

પણ આ અનુભવનાં શાં શાં મૂલ્ય એને ચુકવવાં પડે છે ? એને કલ્પના લોકમેથી ઉતારી વાસ્તવિકતા જ્ઞાન કરાવે તે વેળા એ આઘાત પામે છે. એનાં રસ છોડ સુકાઈ જાય છે. એણે આરોપેલી અપૂર્વતાઓ ક્ષુલ્લક બની રહે છે. છલંગતાં ઉડ્ડયનની કલ્પના ને ભાવનાની ભસ્મે ઝંખાઈ એનાં કદમ ઠંડાપડે છે. રસહિન હૈયું અને હારી થાકેલો દેહ અનિચ્છાએ જાણે જીવનનો ભાર વહે છે.

લાલીહિન અને આથમતા યૌવનના પ્રતિક શાં આપણાં નવપરણિત જુવાન જુવતીઓ આનાં સાક્ષી થશે.

જુવાનની અજ્ઞાનતા ને વેગ એ આ પરિસ્થીતિ માટે જવાબદાર છે જ. પણ એથી યે વધારે જવાબદાર આપણા સાહિત્યકારો છે. જીવનના સામાન્ય અનુભવોની બાદબાકી કરી માત્ર સોનાની શાહીથી જ પાત્રો અને પ્રસંગો રચી એનો જળહળાટ બતાવીને પતંગીઆં શાં' નાદાન જુવાન જુવતીઓને લગ્ન પરત્વે મુગ્ધ કરે છે. પૃથ્વીપરથી એના પગ એટલા અદ્ધર કરી મૂકે છે. પૃથ્વીપર આવતાં એને પતન જણાવા માંડે છે. અને એથી જીવન સાથે એને મેળ ખાતો નથી.

( અનુસંધાન પૃષ્ઠ પર જુઓ. )

# તરુણ જૈન.

તા. ૧૫-૧૦-૩૧


## —: નૂતન દૃષ્ટિ :—

— કથા સાહિત્ય —

(૧)

"The whole systam must be changed from root and brench."

કોઇ પણ ધર્મનો ફેલાવો કરવો હોય તો તેનાં સાહિત્યની અનિવાર્ય જરૂર છે. અને એ સાહિત્ય સમયાનુકૂળ બુદ્ધિગમ્ય હોવું જોઇએ જો એ સાહિત્ય બુદ્ધિગમ્ય ન હોય તો ધર્મની જડ મજબુત બની શકે નહિ. જૈનધર્મમાં કથાસાહિત્યની વિપુલતા જણાય છે. કોઇ પાશ્ચાત્ય વિદ્વાન્ ત્યાં સુધી કહે છે કે "સંસ્કૃત અને માગધીમાંથી જૈન સાહિત્યને બાદ કરવામાં આવે તો સંસ્કૃત અને માગધી ભાષા લૂખી લાગે." ભાષાની દૃષ્ટિએ જરૂર એ સત્ય બીના હશે, પરંતુ વ્યવહારિક દૃષ્ટિએ અને આજના યુગની દૃષ્ટિએ જો આપણે ત્હેને ચકાસીએ, તો તે તદ્દન અસંગત લાગશે. દાખલા તરીકે એક કથા લઇએ. "એક પદ્મપત્તન નામનું નગર હતું ત્યાં પદ્મસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્હેની સ્ત્રીનું નામ પદ્માવતી હતું. પાટવીકુંવરનું નામ પદ્મનાભ હતું." આમ કથાના આરંભમાં જ નગરી રાજા, રાણી; અને પાટવીકુંવરનું એક જ નામે લખાય. આમાં શ્રદ્ધાના વિષયને બાજુપર મૂકી જો બુદ્ધિથી વિચાર કરવામાં આવે તો તે કાલ્પનિક જ લાગશે. બીજું પ્રત્યેક કથાસાહિત્યમાં વર્ણનો જોઇશું તો તદ્દન એક જ પ્રકારના જણાશે. અને ત્હેમાં નીચેની બીના હશે. "નાયક અને નાયિકા બહુજ ધર્મની આરાધના કરતાં હતાં. ખૂબ ભોગ ભોગવતાં હતાં. સાધુઓની ભક્તિ કરતાં હતાં. નવકાર મંત્રનો જાપ કરતાં હતાં. છેવટે સાધુ થઇ કેવળ જ્ઞાની બની મુક્તિના અધિકારી બન્યાં" આમ જાણે કે એક જ બીબામાંથી એ પ્રગટ થઇ હોય ત્હેમ જણાશે. અલબત્ત ત્હેમાં જુદી જુદી કલ્પનાઓના રંગ જરૂર પૂરવામાં આવ્યા હોય છે. પરંતુ અપ્રસ્તુત ઘટમાળો અને ચમત્કારો તો મૂળમાં હોય છે જ. એટલે જ કથાસાહિત્યને પ્રમાણિક ગણવામાં આવતું નથી. હીરપ્રશ્નમાં એ માટે સ્પષ્ટ પાઠ છે અને ત્હેમાં સમ્રાટ્ અકબર પ્રતિબોધક જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિએ કહ્યું છે કે કથા સાહિત્યને પ્રમાણ ન ગણાય છતાં એ વસ્તુ ભૂલવી જોઇતી નથી કે—જ્યારે અને જે યુગમાં આ જાતનું કથાસાહિત્ય અસ્તિત્વમાં આવ્યું હશે ત્યારે નૈતિક દૃષ્ટિએ એ જરૂર સમાજને ઉપયોગી હશે. પરંતુ આજે એ પ્રણાલિકા બદલવાની જરૂર છે. આજના યુગને અનુકૂળ બુદ્ધિગમ્ય અને ઐતિહાસિક દૃષ્ટિએ લખાયેલ કથાસાહિત્યની જરૂર છે. કથાઓથી જનતા ઉપર જેટલી અસર થાય છે તેટલી બીજા કોઇ પણ સાધનથી થતી નથી. એ વાત જો બરાબર હોય તો આપણે આજને અનુકૂળ અને સુસંગત કથા સાહિત્ય સર્જાવવું પડશે. સાધુઓ કહે એ પ્રમાણે ધર્મની આરાધના કરવી કે નવકારમંત્ર ગણવો, ત્હેમની ભક્તિ કરવી કે સાધુ થવું અને કેવળજ્ઞાની બની મોક્ષમાં જવું એ જીવનધ્યેય ભલે રહે પણ ત્હેમાં આજના જીવનને અનુકૂળ ઘણીયે બાબતો ઉમેરવાની રહે છે. સાધુઓ કોને કહેવા ? ત્હેની સ્પષ્ટ વ્યાખ્યા જોઇશે. ધર્મ કેવળ પૂજા પ્રભાવના, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, સ્વામીવાત્સલ્યમાં જ રહેલો છે એમ નહિ. સમયાનુકૂળ સામાન્ય કેળવણી, રાષ્ટ્રીય સ્વતંત્રતા, સ્વબચાવની શક્તિ, અહિંસક દૃષ્ટિએ જીવનનું ઘડતર, કોઇને યે તકલીફ ન પડે એ જાતની નૈતિક વિચારણા વગેરેને પણ ધર્મનું સ્વરૂપ આપવાની જરૂર છે. સાધુઓ ભલે બને. પણ ત્હેની પાછળ સમાજની આર્થિક, નૈતિક અને ધાર્મિક ઉન્નતિ કેમ થાય તે માટે સેવા કરવાની ભાવના જોઇશે. આ જાતના ધ્યેયને દૃષ્ટિ સમક્ષ મૂકી પછી ઐતિહાસિક દૃષ્ટિએ કથા સાહિત્યને વિકસાવવાની જરૂર છે. જો એ રીતે કથા સાહિત્યનું સર્જન થાય તો સમાજનું જીવન કોઈ ઉચ્ચતમ બનશે. સમાજમાં સમર્થ વિવેચકો છે. સાહિત્યસર્જકો છે. પ્રચંડ વિચારકો છે અને પ્રખર પંડિતો છે. તેઓ જો આ રીતે કથા સાહિત્યને નૂતનદૃષ્ટિ આપશે તો આપણું સાહિત્ય જરૂર સમૃદ્ધ બનશે. જૈનધર્મ એ વિશ્વધર્મ છે. ત્હેનાં સિદ્ધાંતો વિજ્ઞાન ઉપર રચાયાં છે. ત્હેને જો સત્ય સ્વરૂપમાં રજુ કરવામાં આવે તો તે બુદ્ધિગમ્ય બની શકે અને ત્હેને વિશ્વવ્યાપક બનાવી શકાય. પણ ત્હેમાં ટુંકી દૃષ્ટિને છોડી વિશાળદૃષ્ટિ બનાવવી પડશે. એકાંતવાદ છોડી અનેકાંતવાદ તરફ કુચ કરવી પડશે. જોકે અનેકાંતવાદ એ જૈન દર્શનનું મૂળ છે, પણ આજના કુળધર્મીઓ આચારમાં ને વિચારમાં એકાંતવાદી બન્યા છે અને જૈન શાસન કહે છે કે: જે એકાંતવાદી બને છે તે આરાધક નથી વિરાધક છે. રૂઢિચુસ્તો અને સુધારકોમાં એટલો જ ભેદ છે કે રૂઢિચુસ્તો એકાંતવાદી છે જ્યારે સુધારકો અનેકાંતવાદી છે અને આ બાબત ખૂબ વિચારણા માંગી લે છે. કથા સાહિત્ય વિશાળહૃદય અને અનેકાંતવાદને સમીપ રાખી જો સર્જવામાં આવે અગર જૂની કથાઓને સુરેખ બનાવવામાં આવે તો આજની કેટલીયે ગેરસમજો દૂર થાય. જે અંધશ્રદ્ધાના થર જામ્યા છે તે નષ્ટ બને અને સંકુચિતતા ને કૂપમંડુકતામાંથી આપણે વિશાળ જગતના આંગણામાં જૈનધર્મના સાથીઆ પૂરી શકીએ.

# શ્રી મુંબઇ જૈનયુવક સંઘ તરફથી

## હિરાબાગમાં મળેલી જૈનોની જાહેર સભાનો હેવાલ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આગેવાની નીચે તા. ૩૦—૯—૩૬ ને બુધવારના રોજ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સોલિસિટરના પ્રમુખપણા નીચે મળેલી જૈનોની સભામાં શ્રી વીરચંદ પાનાચંદ શાહે 'જૈનધર્મની વિશાળતા ને શ્રી મહાવીર જૈન સમાજ' એ વિષય ઉપર લગભગ પોણો કલાક વિવેચન કરતાં જણાવ્યું કે—પચ્ચીસો વર્ષ ઉપર જ્યારે ધર્મને નામે બકરા, બળદ, પાડા ઇત્યાદિ પશુપક્ષીઓથી માંડી મનુષ્ય સુધીનો હોમ થતો. અને હિંસામય વાતાવરણ ઉત્પન્ન થયું હતું. તેમ બ્રાહ્મણ વર્ગે બધાને એટલી સાંકડી મનોવૃત્તિમાં મૂક્યા હતા કે સ્ત્રી ઉપર પ્રથમ પિતા, પછી પતિ બાદ પુત્રને હકદાર નક્કી કરેલો ને ઉચ્ચનીચના ભેદ ઉભા કરી ભિન્નભિન્ન સ્થિતી ઉત્પન્ન થયેલી, એ છતાં યે લગ્ન ક્ષેત્ર વિશાળ હતું. ઉપલો વર્ગ ગમે તે જ્ઞાતિમાંથી કન્યા લાવી શકતો ફક્ત નીચલો વર્ગ ઉપલા વર્ગમાંથી કન્યા લાવી શકતો નહિ. આ ભેદ પણ સ્વાર્થી લોકોએ સ્વાર્થ સાધવા પૂરતો જ રાખ્યો હતો એમ કહી શકાય.

આવી જ્યારે દેશમાં ભિન્નભિન્ન સ્થિતિ હતી. હિંસાને ધર્મ મનાતો ત્યારે શ્રી મહાવીરસ્વામિએ એવા ભેદભાવને તોડી સર્વને સમાન ભાવવાળા બનાવ્યા. હિંસા ઉપર અહિંસાએ વિજય મેળવ્યો.

બાદ ભૂતકાળના જૈનોની આર્થિક, શારીરિક ને રાજદ્વારી સ્થિતિનું વર્ણન કર્યાં બાદ જણાવ્યું કેઃ એ જમાનામાં આપણી સમાજમાં સાંપ્રદાયિક બંધન નહોતું ત્યારે વર્તમાન યુગમાં આપણી સમાજમાં ગામે ગામે અને શહેરે શહેરે જ્યાં જુઓ ત્યાં જ્ઞાતિઓ, તડો અને ઘોળો એટલા પ્રમાણમાં પડી ગયા છે કે કોઇ કોઇ સ્થળે તો દશ પંદર કુટુંબના પણ ઘોળ હોય છે અને એવા ટુંકા ક્ષેત્રમાં જ કન્યા લેવડ દેવડ કરવી પડે છે ત્યાં સમાજની કેટલી ભયંકર સ્થિતિ ગણાય.

હું થોડા જ માસ પર આફ્રિકા ગયો ગયેલો ત્યાં આપણી સમાજના હજારો ભાઇઓ ધંધા અંગે વસે છે. તેઓમાં પણ એ સ્થિતિ છે કે તેઓ જે ઘોળના હોય તે ઘોળમાં લેવડ દેવડ કરે. મેં તેમને આ અંગે આગળ વધવાની સૂચના કરી ત્યારે તેમણે કહ્યું કેઃ દેશમાં પૂછાવશું. એનો અર્થ જ કશો નહિ. દેશમાંથી એજ જવાબ આવે કે તમને ફાવે તેમ કરી શકો છો. બાકી ન્યાત ન્યાતબહાર મૂકશે. એટલે હજારો માઇલો દૂર પણ જ્ઞાતિ, તડો ને ઘોળોથી આપણા ભાઇઓ ગભરાય છે. તેઓ સુધારો કરવા ઇચ્છે છે પણ જ્ઞાતિબહારના ડરે પાછા હટે છે.

હું પોતે સંપ્રદાયિકતામાં માનતો નથી. પરંતુ આપણે જ્ઞાતિ, તડો ને ઘોળોથી છૂટા પડી સમગ્ર જૈનકોમમાં કન્યાની લેવડ દેવડ કરી શકીએ એ ભાવના જૈનસમાજમાં ઉત્પન્ન કરવાની જરૂર છે. એટલે જ શ્રી મહાવીર જૈન સમાજ અમુક સભ્યો થતાં સ્થાપવાનો નિર્ણય થયો છે અને ભાઇ મણિલાલ નાણાવટી મહેનત કરી રહ્યા છે. મારી આપ સૌ ભાઇઓને વિનંતિ છે કે બંધારણ ને ફોર્મ આપ વાંચી જશો અને સમાજમાં દાખલ થશો.

બાદ શ્રી મણીલાલ નાણાવટીએ લખી લાવેલ ભાષણ વાંચી સંભળાવ્યા પછી અમીચંદ ખેમચંદ શાહે વિવેચન કરતાં જણાવ્યું કે—જે સમાજમાં ન્યાત કે જાત જેવો ભેદ જ નથી. તે સમાજમાં કોઇ અમંગળ ચોઘડીએ આ જ્ઞાતિભેદોની સ્થાપના થઇ હશે. જેનું આપણે ભયંકર પરિણામ જોઇએ છીએ.

જે સમાજમાં કરોડોની વસ્તી હતી તે દશલાખ ઉપર આવીને ઉભી છે છતાં સમાજના આગેવાનોની ચક્ષુઓ ખુલતી નથી. અંદર અંદરના નજીવા કજીયા કંકાસો ને મતમતાંતરોએ જૈનસમાજને છિન્ન ભિન્ન કરી હજારોને લાખો જૈનો ધર્મ છોડી અન્ય ધર્મમાં ભળ્યા છતાં ધર્મના ઠેકેદારો કુંસાકુંસીમાં એવા તો સંડોવાયા કે સમાજની ભયંકર સ્થિતિ માટે તેમણે પણ ઉદાસિનતા જ સેવી.

બીજી બાજુ જ્ઞાતિઓ, તડો ને ઘોળો ફક્ત કન્યા લેવડ દેવડ પૂરતાંજ છે. તેમ પુત્રીના ભોગે પુત્રને પતિ લાવવાનું જ જે સાધન છે તેથી જ્ઞાતિઓ ને ઘોળોમાં કન્યા કેળવણીની આશા રાખવી નિરર્થક છે. જે સમાજ કન્યાકેળવણીમાં પછાત છે તેની ઉન્નતિ અસંભવિત છે. જૈનસમાજના યુવાનો સમાજની ઉન્નતિ ઇચ્છતા હોય તો તેમણે પહેલા જ્ઞાતિ, તડોને ઘોળોની સંકુચિત સ્થિતિ નાબુદ કરી સમગ્ર જૈન સમાજમાં અરસપરસ કન્યા લેવડ દેવડનો વહેવાર કરવાની હિમ્મત દાખવવી જોઇએ.

જે જ્ઞાતિઓ, તડો ને ઘોળો છે તે સમાજની અધોગતિનું કારણ છે ને મુઠ્ઠીદારોના જ હિત માટેની સંસ્થાઓ છે. જેમાં સમાજના હિત માટેની કશીએ ગોઠવણ નથી. તેવા સંકુચિત વાડાઓમાંથી નીકળી વિશાળતામાં આવવાથી જ આપણી સમાજ સંગઠિત બનશે અને એ સંગઠિત માટે જ શ્રી મહાવીર જૈન સમાજ ઉભું થઇ રહ્યું છે તેમાં જોડાઓ,

બાદ વિદ્વાન પ્રમુખશ્રીએ વિવેચન કરતાં જણાવ્યું કેઃ નાતો, તડો ને ઘોળો એ તો લગ્ન સંસ્થાઓ છે. જૈનધર્મને ને લગ્ન સંસ્થાને કાંઇ લેવા દેવા નથી. લગ્ન અંગે નાતો, તડો ને ઘોળોના વાડા બંધાણાં ને સમાજ મૂળ મુદ્દાને ભૂલ્યો.

જૈન સમાજમાં ઉચ્ચ નીચ કે નાના મોટાના ભેદ જેવું કશુંએ ન હોવું જોઇએ. પરંતુ સાતસોના સૈકામાં શંકરાચાર્ય ને કુમારિલભટ્ટે હિન્દુ સંસ્કૃતિ માટે જોર કર્યું. ત્યારથી જૈન સમાજ ધર્મે જૈન રહ્યો ને વ્યવહારે હિન્દુ બન્યો. એટલે વહેવારે હિંદુધર્મની રૂઢિઓ ને રીતરિવાજોએ તેની ઉપર ભારે અસર કરી. જ્યારે બાૈદ્ધો વ્યવહારે ને ધર્મે બૌદ્ધ જ રહ્યા તેથી તે ધર્મ હિંદમાંથી લય પામ્યો.

ભારતમાં એકાંતવાદ તેમ અનેકવાદો સામે શ્રી મહાવીર ભગવાને અનેકાંતવાદ સ્થાપી સમાજને સ્થિર બનાવી જેથી જૈનધર્મે લોકો ઉપર ઉંડી છાપ પાડેલી ને સૌ પ્રેમ ને બુદ્ધિથી સ્વીકારતા.

જૈન દર્શન અનેકાન્તવાદની સાથે જ બુદ્ધિવાદનો સ્વીકાર કરે છે. તે તો દરેક જણને કહે છે તમે બુદ્ધિગમ્ય બનો. વેદવાક્ય પ્રમાણ, ઇશ્વર કહે તે સાચું. ગુરૂ કહે તે સત્ય. એમ નહિ પણ તમારી બુદ્ધિથી વિચારીને જ કબુલ કરો.

જૈન દર્શન પુરૂષાર્થને મહત્તા આપે છે. કોઇને વિનવણીથી કે મહેરબાનીથી મોક્ષ પ્રાપ્ત કરી શકાતો નથી. પોતે જ પોતાની શક્તિઓથી પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકે છે છતાં પુરૂષાર્થ ભૂલવાથી આપણી આજે આ દશા થઇ છે માટે બીજાઓ ઉપર આશા રાખી બેસી રહેવા કરતાં એ પુરૂષાર્થ હાથમાં લ્યો.

વાડા, જ્ઞાતિઓ કે તડો, ઘોળોને લગારે સહકાર ન આપો. તેને તોડી પાડવાના જ પ્રયત્ન આદરો. ગમે તે ભોગે તેને તોડો અને મેદાન સાફ કરો.

આપણી સમાજની સ્થિતિ ભયંકર છે. તેનું મેદાન અનેક કાંકરા કાટાથી છવાએલું છે. તેને સાફ કરવા દરેક કામે લાગી જાઓ.

# સંપ્રદાય અને સત્ય.

: લેખક :
પં. સુખલાલજી.

સાંપ્રદાયિક દૃષ્ટિ એટલે શું અને સત્ય દૃષ્ટિ એટલે શું ? એ બે વચ્ચે શો તફાવત છે અને સાંપ્રદાયિક દૃષ્ટિના સ્થાનમાં સત્ય દૃષ્ટિ કેળવવાની, પોષવાની અને વિકસાવવાની કેટલી જરૂર છે ? આ બાબતનું જ્ઞાન શિક્ષિતોએ મેળવવાની ખાસ જરૂર છે અને તે વાસ્તે આ સમય વધારેમાં વધારે ઉપયુક્ત છે. કેળવાએલાઓ જ સામાન્ય જનવર્ગના પ્રતિનિધિ હોઈ તેમના માર્ગદર્શક થઈ શકે. તેઓ પ્રસ્તુત વિષયમાં યથાર્થ અને સચોટ જ્ઞાન ધરાવતા હોય તો અશિક્ષિત અને અર્ધઅશિક્ષિત વર્ગને વિશ્વની, રાષ્ટ્રની અને જાતીય એકતા સાધવા થનાર વિવિધ પ્રયત્નોથી આ ઘડીએ યોગ્ય દિશામાં દોરી શકે, એ આશયથી કેળવાયેલાઓ સમક્ષ મેં પ્રસ્તુત વિષય ઉપર કાંઈક કહેવા ધાર્યું છે.

બેક્ટિરિયા જેવા સૂક્ષ્મ તમ જંતુઓમાં અને ઇતર પ્રાણિઓમાં પણ અભેદની ભૂમિકા છે, પણ તે આદર્શ નથી. કારણ એ ભૂમિકા જ્ઞાન કે બુદ્ધિસાધિત નહિ પણ જ્ઞાન મૂલક છે. એમાં ભેદના જ્ઞાનનો અભાવ જ છે પણ અભેદનું જ્ઞાન નથી. મનુષ્યત્વનો આદર્શ અભેદનો છે પણ તે અભેદ જ્ઞાનમૂલક જ. બુદ્ધિથી, વિચારથી અને સમજણથી અનુભવાતી એકતા એ જ મનુષ્યત્વનો શુદ્ધ આદર્શ છે. ભેદોનું વિવિધતાઓનું ભાન હોવા છતાં તેની પેલી પાર જાય, જેટલે અંશે દૃષ્ટિ અભેદ, એકતા કે સમન્વય અનુભવી શકે તેટલે અંશે તે મનુષ્યત્વના આદર્શની નજીક પહોંચી કહેવાય. આ આદર્શમાં માત્ર આધ્યાત્મિકતા જ નથી પણ એમાં શુદ્ધ અને સુખાવહ વ્યાવહારિકતા સુદ્ધાં આવી જાય છે. પ્રાણી માત્ર પ્રત્યે આત્મૌપમ્યની દૃષ્ટિ, સમગ્ર વિશ્વમાં પરસ્પર ભ્રાતૃભાવ અને વિશુદ્ધ રાષ્ટ્રીયતા એ બધાં ઉક્ત આદર્શના જુદાં જુદાં અને ભિન્ન ભિન્ન કક્ષાવાળાં સ્વરૂપો છે, અંગો છે.

અહંકાર અજ્ઞાન અને વિપરીત સમજથી માણસ જાતિએ પોતાના આદર્શને માત્ર છોડી આડો રસ્તો જ નથી લીધો પણ ઘણા ખરા દાખલાઓમાં તો એણે મોટે ભાગે જાણે પોતાના આદર્શના ચૂરેચૂરા કરી નાખ્યા હોય તેમ લાગે છે. દેશભેદની, જાતિભેદની, ભાષાભેદની, આચાર અને સંસ્કાર ભેદની અને એવા બીજા અનેક ભેદની ભાવના પ્રમાણથી વધારે તેમજ ખોટી રીતે પોષી, એકતાની સાધનાનું કાર્ય કેટલું અઘરું કરી મૂક્યું છે, તે મનુષ્ય જાતિના ઇતિહાસના અભ્યાસીને કહેવાની ભાગ્યે જ જરૂર છે. આપણામાં જાણે-અજાણે સાંપ્રદાયિક ભેદ ખોટી રીતે કેમ પોષાય છે. તેના વ્યક્તિગત, સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ કેવાં કેવાં માઠા પરિણામ આવે છે અને એ પરિણામોથી બચવા વાસ્તે કઈ દૃષ્ટિની જરૂર છે એટલું જ માત્ર આ સ્થળે ચર્ચવું ઇષ્ટ છે.

અન્ય પંથ અને સંપ્રદાયના સંસ્કાર ધરાવનાર ઇતર વ્યક્તિઓનો ભલે ગમે તેવો અનુભવ હોય તો પણ તે સ્વપંથ અને સ્વાનુભવ કરતાં પ્રાયઃ જુદો હોવાનો, તેથી જો કે હું અહિ એક જૈન પંથ અને જૈન સંપ્રદાયને લક્ષીને જ સ્વાનુભૂત જેવું ચિત્ર ખેંચું છું છતાં દરેક શ્રોતા એ ચિત્રને પોતાનું ચિત્ર માની, તેમાંની દરેક ભિન્ન ભિન્ન ઘટનાઓમાં પોતાની અનુભૂત ઘટનાઓ ગોઠવી એ ચિત્રને સાધારણ રૂપ આપે તો પ્રસ્તુત ચર્ચા સમજવામાં ભારે સરલતા પડશે.

જ્યારે એક બાળક જન્મી માને ખોળે આવે છે ત્યારથી જ તે સ્તનપાન અને બાહ્ય જગતના અવલોકન સાથે જ મનમાં અજાણપણે સાંપ્રદાયિક સંસ્કાર સંઘરતો જાય છે. જરાક મોટી ઉંમર થતાં તે સંસ્કાર 'જે જે' 'રામ' 'પરભુ' 'ભગવાન' આદિ સહેલા શબ્દોમાં વ્યક્ત થાય છે. માબાપ વગેરે બાળકને 'ધરમ' શબ્દ ઉચ્ચારાવે છે. બાળક ઉચ્ચારે છે. એની ગ્રહણ અને ઉચ્ચાર શક્તિ વધતાં જ એની પાસે 'જૈન ધરમ' આદિ શબ્દો ઉચ્ચારાવવામાં આવે છે. થોડા જ વખતમાં બાળક પોતાને અમુક 'ધરમ'નો કહેવા મંડે છે. તે વખતે એના મનમાં ધર્મ, પંથ કે સંપ્રદાયની કોઈ સ્પષ્ટ કલ્પના હોતી જ નથી, છતાં તે મળેલ સંસ્કારને બળે પોતાને અમુક 'ધરમ'નો કે અમુક સંપ્રદાયનો માનતો થઈ જાય છે. વળી થોડી ઉંમર વધતાં વડિલો જો જૈન હોય તો બાળકને એમ સમજાવવા પ્રયત્ન કરે છે કે આપણે જૈન કહેવાઈએ. ઉંમર, અવલોકન અને જીજ્ઞાસા સાથે જ વધે છે. વડિલો એનો સંતોષવા કહેતા જાય છે કે કીડી ન મરાય. પાણી અણગળ ન પીવાય. વધારે પાણી ન ઢોળાય—કેમકે આપણે જૈન કહેવાઈએ. આટલા શિક્ષણથી કિશોર માનસ એટલું જ શીખી લે છે કે અમુક ન કરવું તે જૈન ધર્મ. વળી કિશોર વડિલો સાથે ધર્મસ્થાનમાં જાય કે ઘેર ધર્મગુરુઓને જુવે ત્યારે આ ગુરુ કહેવાય, જૈન ગુરુ આવા હોય, આવો તેમનો વેશ હોય, તેમને આ રીતે નમન થાય વગેરે વિધાનો જાણી લે છે. અત્યાર લગીમાં તો માત્ર એણે જૈન ધર્મ જેવા સાધારણ શબ્દો ગ્રહણ કર્યા છે. એનો અર્થ પણ એણે આસપાસના વાતાવરણમાંથી માત્ર સીધી રીતે ગ્રહણ કર્યો છે. હવે તે કાંઈક મોટો થતાં બીજી રીતે શિક્ષણ પામે છે. ધર્મગુરુ જો સ્થાનકવાસી હોય તો એને એવી તાલીમ મળે કે જે મુહપત્તિ બાંધે, જે અમુક જાતનો જ આચાર પાળે તે જૈનગુરુ અને તે જ ખરા ગુરુ. બાળક એટલું શીખી આગળ વધે છે. ધર્મ પુસ્તકો શીખતી વખતે એ સાથે જ શીખે છે કે આ કે અમુક પુસ્તકો જ જૈન શાસ્ત્રો છે અને તે જ ખરાં ધર્મશાસ્ત્રો છે.

એ જ રીતે વળી તે જુદા જુદા ક્રિયાકાંડો, ઉપાસનાઓ અને અને આચારો જે તેની આજુબાજુ પ્રચલિત હોય તેને જ જૈન ક્રિયા, જૈન ઉપાસના અને જૈન આચાર બોલતો થઇ જાય છે. અને ક્રમે ક્રમે એના મનમાં એ સંસ્કાર પણ પોષાય છે કે જૈન ગુરૂ તો મેં જોયા તેવા જ હોય, બીજા નહિ; જૈન શાસ્ત્રો મેં જાણ્યા તે જ, બીજાં નહિ; જૈન ક્રિયા, જૈન ઉપાસના ને જૈન આચાર તો હું જાણું છું તે જ કહેવાય; બીજા નહિ. આ રીતે ધર્મ અને જૈનધર્મ આદિ મહત્ત્વપૂર્ણ શબ્દોના ભાવો તેના મનમાં બહુ જ ટૂંકા રૂપમાં ચિતરાઇ જાય છે. વળી ઉંમર વધતાં એની સામે એક નવું ચિત્ર ખડું થાય છે. તે એ કે જૈન ધર્મ જ સાચો છે, બીજા ધર્મો ખોટા છે. અને જૈન ધર્મ તો તેને માટે માત્ર તેની ઉછેર-ભૂમિમાં ચાલતો જૈન ફિરકો જ બની જાય છે. એ કિશોર તરુણ થઇ જીજ્ઞાસાના વેગમાં જ્યારે બીજા પ્રકારના ધર્મગુરુઓ, બીજી જાતના ધર્મસ્થાનો, અન્ય પ્રકારના ધર્મશાસ્ત્રો અને અન્ય વિધિ

ક્રિયાકાંડ, ઉપાસના આદિ જુવે છે કે તે વિષે જાણે છે ત્યારે એની મુંઝવણ શરૂ થાય છે. આ મુંઝવણનું પહેલું પગથિયું છે. તેને એમ થાય છે કે મેં માનેલ તે કરતાં આ તો બધું જુદી જાતનું છે. આ બધાને જૈન ધર્મની કોટિમાં ગણાશે કે નહિ? સાધારણ રીતે આવી મૂંઝવણનો નિકાલ અયોગ્ય રીતે જ આવે છે. સાંપ્રદાયિક શિક્ષણદ્વારા મોટે ભાગે એમ ઠસાવવાનો પ્રયત્ન થાય છે કે અમુક સિવાય બધા મૂળ જૈન ન કહેવાય. એ ભલે જૈન હોય પણ તે વિકૃત, અસલી નહિ વળી તરુણની જીજ્ઞાસા યૌવન ધારણ કરે છે. એ પૂછે છે કે અમુક જ મૂળ અને અને બીજા નહિ તેનું શું કારણ? પ્રથમ તેણે મૂર્તિને, મંદિરોને ધર્મ કોટિમાં ન ગણ્યા હોય ને હવે તે બધાને અને પ્રથમ જાણેલ કરતાં વધારે શાસ્ત્રોને પણ જૈન કેમ ન ગણવા? એ વિષે પ્રશ્ન ઉઠાવે છે. હવે તો તે એક શેરી કે ગામડાનો મટી શહેરનો નિવાસી થાય છે અને ત્યાં તે સ્થાનકવાસી ઉપરાંત શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાની બધી બાબતો જોઈ તેને પણ જૈન ધર્મના પ્રદેશમાં ગણવા પ્રેરાય છે. પ્રથમ ગ્રહણ કરેલ શબ્દોના ભાવો હવે વિસ્તારે છે. વળી તે જુવાન આગળ વિદ્યાપીઠોમાં અને બીજા સ્થળોમાં પ્રથમ નહિ જોયેલ, નહિ જાણેલ ત્રીજા જ જૈન પંથ વિષે કાંઈક સાંભળે, જાણે છે—નગ્ન જ જૈન ગુરુ હોય, વસ્ત્રધારી હોય તે તો જૈન ગુરુ કહેવાઈ જ ન શકે, સ્થાનકવાસી અને શ્વેતાંબરે ગણેલ અને માનેલ શાસ્ત્રો તે મૂળ જૈન શાસ્ત્રો નથી, એ તો બનાવટી અને પાછળના, ખરા જૈન શાસ્ત્રો તો બધા ગુમ થયા તેમ છતાં માનવા હોય તો અમુક આચાર્યોએ બનાવેલાં જ શાસ્ત્રો મૂળ જૈન શાસ્ત્રની નજીક છે અને બીજા નહિ. મૂર્તિ મનાય પણ તો તે નગ્ન મુદ્રાવાળી જ અને બીજી નહિ. આ અને આના જેવું પ્રથમ નહિ સાંભળેલ જ્યારે તે યુવક સાંભળે છે કે વાંચે છે ત્યારે તેની મુંઝવણનો પાર રહેતો નથી. જે જે ધર્મને લગતા શબ્દોના અર્થો તેના મનમાં ઠસેલા તેની વિરૂદ્ધનું જ આ નવું શિક્ષણ તેને વ્યગ્ર કરી મૂકે છે. આ વ્યગ્રતાનો નિકાલ પણ યોગ્ય રીતે નથી આવતો. કાં તો છેવટે મળેલ નવું શિક્ષણને મિથ્યા કહી, પ્રથમ પ્રાપ્ત કરેલ સંસ્કારોને જ યથાર્થ ગણી તેને વળગી રહે છે અને કાં તો પ્રથમના સંસ્કારોને ફેંકી નવ શિક્ષણ પ્રમાણે જ તે ધાર્મિક શબ્દોના અર્થ મનમાં ઠસાવે છે. આ તો માત્ર જૈન ધર્મના મુખ્ય ત્રણ ફિરકાઓની વિરોધી માન્યતાઓમાં સીમાબદ્ધ થયેલ જૈન ધર્મને લગતા શબ્દો અને સંકેતોની વાત થઈ, પણ તે ચિત્ર હવે તો વધારે લંબાય છે. હવે એ અખિત બાળક, કિશોર, કુમાર કે કોલેજનો તરુણ મટી વિશ્વશાળાનો વિદ્યાર્થી બને છે, તેની સામે અનેક પંથોના અનેક રૂપધારી ધર્મગુરૂઓ, અનેકવિધ આચાર અને ક્રિયાકાંડો, વિવિધ પ્રકારના ધર્મશાસ્ત્રો અને ધાર્મિક વિચારો ઉપસ્થિત થાય છે ત્યારે વળી એની મુંઝવણ ઓર વધી જાય છે. એ કહે છે કે આ બધાને ધર્મપ્રદેશમાં ગણવા કે નહિ? ન ગણવા તો શું કારણ? ગણવા તો તેને કુળધર્મ એટલે પ્રથમના જૈન ધર્મની કોટિના જ કે તેથી ઊતરતા દરજ્જાના? આ મુંઝવણનો નિકાલ પણ હજારમાં એક જણને યોગ્ય રીતે જ સાંપડે છે. આ રીતે જન્મથી તે મોટી ઉંમર સુધી મળેલી સાંપ્રદાયિક ભાવનાને પરિણામે મનુષ્ય જાતિ જુદા જુદા પંથોની છાવણીઓમાં ગોઠવાઈ એક બીજા ઉપર નાસ્તિકતા, ધર્મ-અજ્ઞતા, મિથ્યાદ્રષ્ટિ આદિની ધાર્મિક ભાંડણની તોપો ચલાવે છે અને આસ્તિકતા, ધાર્મિકતા અને સમ્યગ્દ્રષ્ટિ આદિ સર્વમાન્ય શબ્દોના બખ્તરથી પોતાને સુરક્ષિત બનાવવા યત્ન કરે છે. આ ધર્મ જાદવાસ્થળી જોઈ એક વિચારક ચિંતનમાં ગરક થાય છે. પોતાની મુંઝવણનો નિકાલ બીજા પાસે કરવા કરતાં સ્વબળે જ તે નિકાલ આણવા મથે છે. પછી તો તે વિવિધ શાસ્ત્રો વાંચે છે. ઉભા થતા વિવિધ પ્રશ્નોનો તટસ્થભાવે વિચાર કરે છે અને તેના મનમાં મનુષ્યત્વના આદર્શ તેમજ ધર્મવસ્ત્રોના સંબંધના વિચારો સ્ફુરે છે ત્યાં તો તેની ભ્રમણા ભાંગે છે, મુંઝવણો આપો આપ સરી જાય છે અને એક નવો જ પ્રકાશ પ્રસરતાં તેને સાંપ્રદાયિકતા અને સત્ય વચ્ચેનું અંતર અનુભવાય છે. તે હવે જુવે છે કે સંપ્રદાય એ કોઈ એક વિશિષ્ટ વ્યક્તિની ખાસ સાધનાની પ્રતિક છે. એમાં તે સંપ્રદાયના મૂળ પ્રવર્તકનો આત્મા તરવરે છે તે આત્મા મહાન છે છતાં મર્યાદિત છે. તે સાધના તેજસ્વી છે પણ બીજાં તેજોને અભિભૂત કરે કે લોપી નાખે તેવી નથી. તે સાધના પાછળના મૂળ પ્રવર્તકના અનુભવો ઉપયોગી છે પણ તે બીજાં સાધકોની સાધનાએ અને અનુભવોની અનુપયોગિતા કે નિરર્થકતા સિદ્ધ કર્યા સિવાય જ સ્વબળે પોતાની ઉપયોગિતા સાબિત કરવાનું બળ ધરાવે છે. આવા વ્યાપક, નિષ્પક્ષ અને સમન્વયગામી ચિંતન પ્રવાહમાંથી તેને એક એવી ચાવી સાંપડે છે કે હવે તે સંપ્રદાય સંપ્રદાય, પંથ પંથ અને ફિરકા ફિરકા વચ્ચેના નાના-મોટા બધા ભેદોના વિરોધોની ગૂંચને ઉકેલી લે છે. પછી તો એ અનુભવેલ બધા સાંપ્રદાયિક પરિસ્થિતિમાંથી સિદ્ધાંતો ઘડે છે. એને લાગે છે કે સંપ્રદાયમાં સત્ય છે પણ તે મર્યાદિત છે. બીજા સાંપ્રદાયના સત્ય સાથે એક સંપ્રદાયના સત્યને વિરોધ નથી. વળી બન્ને સંપ્રદાયના આંશિક સત્યોનો ઇતર તમામ સંપ્રદાયોના આંશિક સત્યો સાથે પણ વિરોધ નથી. એ બધાં ખંડ સત્યો એક મહાસત્યની અભિવ્યક્તિઓ છે. એને લાગે છે કે જેમ કોઈ માતૃભક્તને પોતાની માતા પ્રત્યે ઉત્કૃષ્ટતાની ભાવના પોષવા વાસ્તે ઇતરની માતાઓમાં પોતાની માતા કરતાં લઘુતા કેળવવાની જરૂર નથી. ઇતર માતાઓમાં જરાપણ લઘુતાનો આરોપ કર્યા સિવાય સ્વમાતામાં ઉત્કૃષ્ટતા અને પૂજ્યતાની બુદ્ધિ પોષી શકાય છે તેમ ઇતર સંપ્રદાયો પ્રત્યે જરાપણ તિરસ્કાર, ક્ષુદ્રતા કે દોષદર્શન પોષ્યા સિવાય જ સ્વસંપ્રદાય પ્રત્યે પૂર્ણ સન્માન બુદ્ધિપૂર્વક રાખી શકાય છે. આ વિચારપ્રવાહ સ્ફુરતાં જ તે સાંપ્રદાયિક હોવા છતાં અસાંપ્રદાયિક બને છે. પંથગામી હોવા છતાં સત્યગામી બને છે. અને મનુષ્યત્વના આદર્શની સાથે મેળ બેસે એવા ધર્મપંથે વિચરવા લાગે છે.

હવે તો તે કુરાન અને પુરાણ બન્નેના સાંપ્રદાયિક અનુગામીઓની તકરારોને બાળકચેષ્ટા ગણે છે. વેદ, આગમ, પિટક, અવેસ્તા, બાઈબલ આદિ બધા જ ધર્મગ્રન્થોમાં દેખાતા અને સમાતા વિરોધો સરી જાય છે. એની સામે વિશ્વની એકતાનો, રાષ્ટ્રીય એકતાનો સામાજિક અને ધાર્મિક એકતાનો આદર્શ સ્પષ્ટ ઉપસ્થિત થાય છે અને બીજાને વિરોધી દેખાતા એ જ પંથોમાંથી એને એકતા પોષક અત્યાર લગી અજ્ઞાત રહેલાં તત્વનો ઐતિહાસિક મર્મ ખુલ્લો થાય છે. એ જન હોય તો યે ગીતામાંથી અમૃત પીવે છે. વૈદિક હોય તો યે ઉત્તરાધ્યયન અને ધમ્મપદનું ધર્મપાન કરે છે. મોહોમેડન હોય તો અવેસ્તા તેમજ આગમ પિટકમાંથી સત્ય પ્રેરણા મેળવે છે. એક વાર જે ધર્મદ્રષ્ટિ સાંકડા માર્ગમાંથી અને મૂંઝવણોના ખાડા ટેકરામાંથી મુશ્કેલીથી સ્ખલના સાથે પસાર થતી તે ધર્મદ્રષ્ટિ હવે બંધનમુક્ત થઈ મનુષ્ય માત્રની એકતા સાધવાના કામમાં ઉદ્યત બને છે.

("જૈન"માંથી.)

# નાનાં ઘરમાં મોટા માણસ

: લેખક :
રા. મુળચંદ આશારામ વૈરાટી

માંદગીને બિછાને પડેલી પોતાની માતાની એક બાળક માવજત કરી રહ્યો હતો. તેનું નામ પીયેર. ગરીબાઇએ ત્હેના ઉપર ઘેરો ઘાલ્યો હતો. ત્હેની માતા માટે દવા અને ફ્રૂટ લાવવા ત્હેની પાસે ફૂટી બદામ પણ ન હતી. ત્હેવામાં ત્હેણે સાંભળ્યું કે સારાય ફ્રાંસમાં પ્રખ્યાત સંગીતકાર મેડમ મેલીબ્રાનનો સંગીતનો જલસો થનાર છે. તે સંગીતનો શોખીન હતો. ત્હેને એ જલસામાં જવાનું દીલ થયું. પણ અફસોસ ! પાસે એક પેની પણ ન હતી. પરંતુ કંઇક કુદરતી બક્ષીસ હતી. ત્હેનો ત્હેણે ઉપયોગ કર્યો. એક ડાઘાવાળો કાગળ લીધો અને એક કાવ્ય રચ્યું. મૃત્યુને બીછાને પડેલી માતા તરફ એક દૃષ્ટિપાત કરી એ કાગળનો ટુકડો લઇ ઘરની બ્હાર નીકળી પડયો. ત્હેના પગ ઝડપથી ઉપડતા હતા. તે મેલીબ્રાનના ઘરે પહોંચ્યો. મેડમ મેલીબ્રાને પોતાના નોકરને પૂછ્યું: કોણ મળવાની રાહ જુવે છે ? હવે તો હું લોકોને મળી મળીને કંટાળી ગઇ છું. નોકરે કહ્યું કે મળવા આવનાર એક નાનો બાળક છે. અને કહે છે કે: મ્હને મળવાથી ત્હમારે દીલગીર થવું પડશે નહિ. મેડમે કહ્યું કે: આવવા દે નાના બાળકને ના કેમ પાડી શકાય ? પીયેર મેડમ પાસે આવ્યો અને કહ્યું કે: મારી મા બિમાર છે. ત્હેની દવા લાવવા માટે એક પેની પણ મારી પાસે નથી. ઘરમાં ખોરાક નથી એટલે જો આ મારૂં બનાવેલ કાવ્ય ત્હમે જલસામાં ગાઓ તો ત્હેનો કોઇ ખરીદનાર મળી જાય અને મારી માતાને ઔષધ અને ખોરાક મળી શકે. મેડમ એ બાળકને જોઇ રહી! ત્હેનું કાવ્ય વાંચ્યું. ત્હેનો રાગ મનમાં ગાયો. અને પછી પૂછ્યું કે બાળક ! આ કાવ્ય ત્હેં બનાવ્યું છે ? બાળકે હકારમાં જવાબ આપ્યો. મેડમે ત્હેને જલસામાં આવવાનો આગ્રહ કર્યો. બાળકે પોતાની મુશીબતો રજુ કરી. મેડમે ત્હેને દિલાસો આપ્યો. ત્હેની માતાની માવજત માટે બંદોબસ્ત કરી આપ્યો. એક ક્રાઉન આપ્યો અને ત્હેમાંથી ખોરાક અને દવા ખરીદી લાવવા કહ્યું. જલસામાં આવવા માટે એક ટીકીટ આપી અને કહ્યું કે આ ટીકીટ બતાવવાથી ત્હને મ્હારી નજીક જગ્યા મળશે.

ખોરાક અને દવા લઇને પીયેર ઘેર આવ્યો. માતાની સારવાર કરી. રાત્રે ટીકીટ લઇ જલસામાં ઉપડયો. નક્કી કર્યા મુજબ જલસો શરૂ થયો. બેન્ડે કરૂણ રાગ ઉપાડયો. 'કોકિલકંઠી મેડમે પીયેરનું હૃદય દ્રાવક કાવ્ય ગાવાનું શરૂ કર્યું'. વાતાવરણ કરૂણરસથી મઘમઘી રહ્યું. વિપુલ શ્રોતામંડળની આંખોમાંથી અશ્રુઓના ધારા વ્હેવા લાગી. બાકીનો પ્રોગ્રામ પૂરો થયો. જલસો ખત્મ થયો.. શ્રોતાઓ વિખરાયા. પીયેર ઘેર આવી નિદ્રાધીન થયો બીજે દિવસે મેડમ મેલીબ્રાને ગરીબ પીયેરના ઘરના બારણાં ઉઘાડયાં અને પીળાવાળના ઝુલ્ફાવાળા પીયેરના માથે હાથ ફેરવી ત્હેની માતાને કહ્યું કે: તમારા આ બાળકે સારા પૈસા પેદા કર્યા છે. લંડનના એક પ્રસિદ્ધ પ્રકાશકે એનાં નાના કાવ્ય માટે ૩૦૦ પાઉંડ આપવાની માગણી કરી છે. અને વેચાણમાંથી અમુક રકમ મળ્યા પછી પીયેર ત્હેના નફાનો ભાગીદાર થશે. ત્હમારા બાળકમાં આ જાતની કુદરતી બક્ષીસ હોઇ ત્હમારે ગૌરવ લેવા જેવું છે. પીયેર મેડમને ઘુંટણીયે પડયો. અને બોલ્યો કે જે માયાળુ હૃદયે ગરીબ માટે આટલી લાગણી બતાવી છે ત્હેનું કલ્યાણ થાઓ ! કેટલોક કાળ પસાર થયો. મેડમ મેલીબ્રાન માંદગીને બીછાને પટકાઇ પડી. પીયેર ત્હેની સારવાર માટે દોડી ગયો. અને જીંદગીના અંતસુધી પોતાની માતાની માફક રાત્રિદિવસ સેવા કરી પીયેર અને મેલીબ્રાન નાના ઘરનાં મોટાં માણસ હતાં.

**પ્રમાણિકતાઃ–**

એડીનબરો શહેરમાં સખ્ત ઠંડી પડી રહી હતી. ત્યારે એક કંગાળ અને ચીંથરેહાલ છોકરાએ રસ્તાના એક બાંકડા ઉપર બેઠેલા ગૃહસ્થને કહ્યું કે: સાહેબ ! દીવાસળી ખરીદશો ? મારે ખરીદવી નથી ગૃહસ્થે જવાબ આપ્યો. એ છોકરાએ ફરીવાર પહેલા ગૃહસ્થને લલચાવવા કહ્યું કે: એક પેનીની બે લ્યો ! એ હકીકત નોંધતા એ ગૃહસ્થ કહે છે કે મેં તે છોકરાને દૂર કરવા એક પેટી ખરીદી પણ છુટી પેની નહિ નીકળવાથી મેં કહ્યું કે: કાલે પેટી ખરીદીશ. તે છોકરાએ કહ્યું કે: આજે જ ખરીદો ! હું ઘણો ભૂખ્યો છું. લાવો પરચુરણ લાવી આપું. ગૃહસ્થે શિલિંગ આપ્યો. અને છોકરો વટાવવા દોડી ગયો. પેલા ગૃહસ્થે છોકરાની થોડો સમય રાહ જોઇ પણ તે આવ્યો નહિ. છતાં તે સંબંધી કંઇપણ ખોટો અભિપ્રાય બાંધ્યા વગર તે પોતાને મકાને ગયો. મોડી સાંજના ત્હેના નોકરે કહ્યું કે સાહેબ ! એક છોકરો આપને મળવા માગે છે. છોકરાને અંદર બોલાવ્યો. ત્હેનો ચ્હેરો જોતાં જ જણાયું કે શિલિંગ લઇ જનાર છોકરાનો તે નાનો ભાઇ હશે. તે ચીંથરેહાલ, દુર્બળ અને કંગાળ છોકરો બોલ્યો કે આપના શિલિંગના આ 'ચાર પેન્સ' સેન્ડી પાસેથી આપે દીવાસળી લીધી હતી. સેન્ડી શિલિંગ વટાવવા ગયો પણ ત્હેને અકસ્માત નડવાથી ટોપી, દીવાસળીની પેટીઓ અને અગીઆર પેન્સ ગુમાવ્યા છે. ત્હેના ખીસામાં જે ચાર પેન્સ હતા તે ત્હેણે મ્હને આપવા મોકલ્યો છે. ત્હેના બંને પગ ભાંગી ગયા છે. અને દયાળુ ડોકટરે ત્હેને જોઇને કહ્યું છે કે તે બચી શકશે નહિ. મારી પાસે કાંઇ નથી એટલે બીજા પેન્સ હું નહિ આપી શકું આમ કહી તે રડી પડયો. ગૃહસ્થે તે છોકરાને ખાવાનું આપ્યું અને ત્હેની સાથે સેન્ડીને જોવા ગયો. ત્યાં ત્હેને જણાયું કે તે છોકરાના માતાપિતા સ્વર્ગે સિધાવી ગયાં હતાં. અને એક ઓરમાન મા સાથે આ બંને બાળકો રહેતાં હતાં. ચેઠીઆઓના નાના ઢગલા ઉપર સેન્ડી પડયો હતો. ત્હેણે મ્હને જોતાં જ કહ્યું કે: સાહેબ ! શિલિંગ વટાવીને આવતો હતો ત્યારે ઘોડાની લાતનો હું ભોગ બન્યો. મ્હારાં બંને પગ ભાંગી ગયા. મ્હારી પાસે હવે બીજા પેન્સ નથી. રૂબી ! ભાઇ ! રૂબી ! હું બચી શકીશ નહિ. મારા મર્યા પછી ત્હારી સંભાળ કોણ લેશે ? રૂબી ! તું શું કરીશ ? દુઃખી થતા બાળકને જોઇને પહેલા ગૃહસ્થે કહ્યું કે: હું રૂબીની સંભાળ લઇશ. ત્હેણે મુંગે મોઢે ગૃહસ્થનો આભાર માન્યો. કારણ કે બોલવાની શક્તિ તેનામાં હતી નહિ. થોડી જ મીનીટો બાદ ત્હેણે માતાના ખોળામાં પ્રાણ છોડયો. આવા નાના ઘરમાં પણ કેવા પ્રમાણિક બાળકો !!! આપણું સાહિત્ય દેવદેવીઓના અકુદરતી ચમત્કારોથી રંગવા કરતાં આવા કુદરતી સાચા રંગોથી ક્યારે રંગાશે?

# 'નવકારમંત્ર' સંબંધી શ્રી પરમાનંદ-ભાઈનો ખુલાસો.

'મુંબઈ સમાચાર'ના તા. ૧–૧૦–૩૬ ના અંકમાં શ્રી ચીમનલાલ એમ. શાહની સહીનું એક ચર્ચા પત્ર પ્રગટ થયું છે તેમાં 'હું નવકારમાં માનતો નથી' એમ મેં સુરતમાં કહ્યું હતું એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ તરફ મારૂં ધ્યાન ખેંચાતાં મને ભારે અજાયબી થઇ છે. મારા ક્યા કથનની આવી વિકૃતિ કરવામાં આવી હશે તેનો વિચાર કરતાં મને સમજાયું કે આજે જે ધાર્મિક રૂઢિઓ અને રીતરીવાજો પ્રચલિત છે તે કાંઇ અનાદિ કાળથી ચાલી આવતા નથી. પણ કાળે કાળે નવી રૂઢિઓ સરજાય છે અને જુની રૂઢિઓનો ત્યાગ કરવામાં આવે છે, એ બાબતનું વિશેષ નિરૂપણ કરતાં મેં એમ જણાવેલું કે આજે પાંચ મહાવ્રત માનવામાં આવે છે; પણ ઇતિહાસ જાણે છે કે ભગવાન પાર્શ્વનાથના વખતમાં ચાર મહાવ્રત હતા અને ભગવાન મહાવીરે ચારને બદલે પાંચ મહાવ્રતની સ્થાપના કરી હતી. આવી જ રીતે કોઈ એમ કહે કે આજે આપણે ત્યાં જે નવકાર મંત્ર પ્રચલિત છે તે એના એ સ્વરૂપે અને એના એ શબ્દ-કારમાં અનાદિકાળથી ચાલ્યો આવે છે તો ભાષાના થરમાં કાળે કાળે અનેક પ્રકારના ફેરફારો થતા આવે છે, પ્રાન્તે પ્રાન્તે જુદી જુદી ભાષા બોલાય છે. ચારસો વર્ષ પહેલાંની ગુજરાતી અપભ્રંશમાં અને આજની ગુજરાતી ભાષામાં કેટલોયે ફેરફાર પડી ગયો છે; એક કાળે આપણા દેશમાં પ્રાકૃતભાષા બોલાતી હતી પણ તે પ્રાકૃત ભાષા પણ આગળના વખતમાં બોલાતી કોઇ બીજી ભાષામાંથી ઉદ્ભવ પામી હશે–આમ ભાષા ઇતિહાસની દૃષ્ટિએ વિચારતાં નવકાર મંત્ર પણ કોઈ એક કાળે જ્યારે પ્રાકૃતભાષા પ્રજામાં બોલાતી હશે ત્યારે રચાયો હશે અને તેથી તેનો વર્તમાન ભાષા આકાર કોઈ રીતે અનાદિ હરી શકતો નથી. આવા આશયનું મેં વિવેચન કરેલું. તેનું તે પત્રમાં વિકૃત ભાષાંતર 'હું નવકારમાં માનતો નથી' એ મુજબ થવા પામ્યું છે. આ જોઇને મને હસવું પણ આવે છે અને ખેદ પણ થાય છે.

નવકાર મંત્રને હું ઉત્કૃષ્ટ મંત્ર તરીકે લેખું છું. કારણ કે તેમાં જાતિ, જ્ઞાતિ કે સંપ્રદાયના ભેદ વિનાની શુદ્ધ ગુણ પૂજાનો જ આશય રહેલો છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ કોઇ વ્યકિતસૂચક શબ્દો નથી પણ એ વધતા ઓછા લોકોત્તર ગુણોના સૂચક શબ્દો છે. જ્યાં જ્યાં સાધુતા દેખાય ત્યાં ત્યાં આપણું મસ્તક નમવું જ જોઇએ. આત્માના ઉત્કૃષ્ટ ગુણોનો જે જે વ્યકિત-ઓમાં આવિર્ભાવ થતો દેખાયો તે સર્વ વ્યકિતઓને જગત્ હમેશાં નમતું આવ્યું જ છે. આવા સર્વસામાન્ય જનસ્વભાવનું જ નવકાર મંત્રમાં નિરૂપણ છે. આવા સર્વ સ્વીકાર્ય નવકાર મંત્ર જૈન-ધર્મનું ગૌરવ અને તેના હાર્દમાં રહેલી વિશાળતા સૂચવે છે. આ રીતે હું જરૂર નવકારમંત્રમાં માનું છું પણ કેટલાકલોકો એમ માને છે કે નવકારમંત્રના જાપથી આપણી ઐહિક કામનાઓ સિદ્ધ થાય છે અને સુખ વૈભવનાં સાધનો આવી મળે છે. નવકારમંત્ર વિષે આ પ્રકારની માન્યતા હું ધરાવતો નથી. નવકારમંત્રમાં જે ભાવ રહેલો છે તેના મનનથી નમ્રતા આવે, ધર્મબુધ્ધિ જાગ્રત થાય, આત્મતત્વ તરફ વલણ વધે અને જીવન આખું ઉર્ધ્વગામી બને એ વિષે મને પોતાને તો શું પણ કોઇ પણ સુજ્ઞ વિચારકને શંકા હોઈ શકે જ નહિ.

આશા છે કે આટલો ખુલાસો કોઈ પણ જાતની ઉભી થયેલી ગેરસમજુતી દૂર કરશે. આજે મારા નામ સાથે જોડાયેલ કંઈ કંઈ પ્રકારનું લખાણ જુદા જુદા છાપાઓમાં જોવામાં આવે છે. તો મારી પોતાની સિધ્ધી સમ્મતિ ન સૂચવે એવા કોઈ પણ મારી વિષેના ઉલ્લેખને આધારભૂત ન ગણવો એવી જાહેર જનતાને આ પ્રસંગે મારી નમ્ર વિનંતિ છે.

તા. ૧૧–૧૦–૩૬

મુંબઈ. પરમાનંદ કુંવરજી.

# ઝઘડા દફનાવો !

કોઇ કમનશીબ ઘડીએ જૈનસમાજ શ્વેતાંબર, દિગમ્બર, સ્થાનક માર્ગીના ટુકડાઓમાં વ્હેંચાઇ ગયો. એકજ દળના એ ત્રણ ટુકડા મૂળ સિદ્ધાંતો પરતો મતભેદ રહિત અને વ્યવહારિક વિધિ પરત્વે મતભેદ ધરાવતા હતા. એક જ માતના ત્રણ બીરાદરો માત્ર પ્હેરવેશ પરત્વે જ ભિન્ન જણાતા હતા. પરંતુ અકકલવિનાના અનુયાયીઓએ પાછળથી એમાં મતભેદને બદલે વિખવાદ અને બંધુ પણને જ ઉતારી પાડવાની પ્રવૃત્તિ આદરી, એક જ દેહનાં ત્રણ અંગો એક બીજાનાં દુશ્મનભાવે વિરોધક બનતાં, નબળાં બન્યાં. અને પરિણામે બે કરોડ જૈનોમાંથી માત્ર અગીયાર લાખ જૈનો બાકી રહ્યા.

આજે નવી દૃષ્ટિ આવી છે. જુવાનોમાં બંધુત્વની ભાવના પ્રસરી છે. એવેટાણે એજ વિખવાદનાં પ્રસારક આત્મઘાતી તત્વોને નાબુદ કરવાની જુવાનોની જવાબદારી જુવાનોએ અદા કરવાની છે.

હમણાં જ એક મુંબઇનાં પત્રમાં એક સમાચાર આવ્યા. અને સાંજવર્તમાનમાં 'જૈનચર્ચા'ના લેખકે–એ હકિકતનું સમર્થન કરતી ચર્ચા કરી. શ્રી આનંદસાગર નામના એક સાધુ જામનગરમાં સ્થાનકમાર્ગી અને દિગમ્બરીભાઇઓ માટે અણછાજતું બોલ્યાના એ સમાચાર હતા. આનો પ્રતિકાર કરતી દિગમ્બરીભાઇઓની એક સભા મુંબઇમાં મળી. આ સભાના સંચાલકોએ શ્રી આનંદસાગરના શબ્દોનો જ પ્રતિકાર નહિ કરતાં તમામ શ્વેતામ્બરી બીરાદરો ઉપર ખૂબ ઉકળાટ ઠાલવ્યો. એટલે કે જે મૂર્ખાઈ શ્રી આનંદસાગરે કરી હોવાનું કહેવાય છે. એવી જ મુર્ખાઇ આ દિગમ્બરીબીરાદરોએ શ્વેતામ્બરો પ્રત્યે રોષ ઠાલવીને કરી.

આપણો–જુવાનોનો–મત સ્પષ્ટ છે. જૂની વાતો અને જૂના ઝઘડા દફનાવી દો. કૃપા કરીને અમને તમારો એ ઝઘડા–ઇતિહાસ ન સંભળાવો. અમે જૈન છીએ. વ્યવહારો પરત્વેના મતભેદો ભલે હોય. પરંતુ ભાઇભાઇઓ અમે રહીશું. અમે દુશ્મન બનવા નથી માગતા.

આ દૃષ્ટિએ આજનો જૈન નવજુવાન આ બન્નેની પાછળ રહેલા ભેલગામ સાધુત્વને અને અંધપક્ષ ભકિતને તિરસ્કારે એમ મ્હારો આગ્રહ છે. અને ત્રણેફિરકા નજીક આવે એવા પ્રયાસો કરે એમ હું વિનવું છું.

મણિલાલ એમ શાહ.

(8)



# ચા....બુ....ક.

'ધર્મની જીજ્ઞાસા વધે તેમ ધર્મી પ્રત્યે આદરભાવ કેળવાય કે ધર્મીઓ તરફ તિરસ્કાર ભાવ વધે ?' ગયા 'વીરશાસન'નું મુખપૃષ્ઠ પૂછે છે.

જીજ્ઞાસા વધે ત્હારે બન્ને થાય. સાચા ધર્મીઓ પ્રત્યે આદર આવે અને દંભી ધર્મીઓ પ્રત્યે તિરસ્કાર ને રોષ પ્રગટે.

❖ ❖ ❖

'પેટ, કીર્તિ વિગેરે અનેક ધ્યેયોથી એમનો અભ્યાસ દુષિત બનેલો છે'–એજ મુખપૃષ્ઠ 'જીજ્ઞાસા'ના વિવરણમાં આગળ વધે છે.

–અને એટલે જ ગાડીલાલના સૂરિ સમ્રાટો આજે રા. નેમવિજય બને છે અને રામવિજયોની અવહેલના થાય છે.

❖ ❖ ❖

'વીરશાસન' પંદરમાં વર્ષમાં પ્રવેશ કરે છે.'

ઇચ્છીએ કે સોળમું વર્ષ જલ્દી બેસે ને એનામાં 'સાન' પ્રકટાવે.

❖ ❖ ❖

'વીરશાસન પોતાના ધ્યેયમાં કુશળ છે. એ પોતાની નૌકાને **હુંશીઆરી પૂર્વક ચલાવી રહેલ છે.** એ પોતાના ધ્યેયને **કુશળ નૌકાપતિની** જેમ વળગી રહેશે.'

આ જમાનો આત્મપ્રશંસાનો છે. વગાડયે રાખ. ભાઇ! પણ દીલગીરી એટલી કે ત્હારૂં ઢોલ ફૂટેલું છે.

❖ ❖ ❖

પેલા મણીલાલ ખુશાલચંદ પરીખ પાછા મગદાને આવે છે ને 'વીરશાસન'માં જાહેર કરે છેઃ 'તરુણ જૈનમાં આવતું લખાણ બેહૂદ છે અને કોઇ રીતે યોગ્ય નથી.'

પણ મણીભાઇ! તમારે ને 'તરુણ'ને શી સગાઈ છે કે આ સલાહ આપવાની તમને જરૂર પડી! આજલગીની તમારી સુચનાઓ કચરા ટોપલીએ જ પધરાવવામાં આવે છે એ હકિકત હું તમને અતિ માન સાથે અર્પણ કરૂં છું.

'મ્હારી સુચનાઓ તરફ ધ્યાન નહિ આપવામાં આવે તો મારે તે સામે પ્રચાર કરવાની લાચારીએ ફરજ પડશે.' શ્રી મ. ખુ. પરિખ ધમકી આપે છે.

'લાચારીએ' મ. ખુ. પરીખ એમની 'ફરજ' અદા કરે એ ઘડી આવકારવા 'તરુણ જૈન' તૈયારી કરે છે. ઇચ્છીએ કે પાલણપુરના વર્ધીચંદ એવી પાસે પળ, તક ને વાર જોવડાવી શ્રી મણીભાઇ હવે વેલાસર રણે ચ્હડે, દિવસ હાથ ન જ લાગે તો વિજયાદશમીને વધાવી લેવાની હું એમને સુચના મોકલું છું.

❖ ❖ ❖

'સુધારક માયાવીઓની માયા ખુલ્લી કરવામાં આવે તો'–કોઈ રતિલાલ એન. શાહ. આગાહીઓ કરે છે.

જગત્ આખુંય માયા છે. જે માયા ખુલતાં જગત્ મિથ્યા બનશે અને રતિલાલોનું અસ્તિત્વ ગુમ થશે' એ 'કેવળી ભાખ્યું' સત્ય કહીને જ એ આગાહી પૂરી કરીએ તો?

❖ ❖ ❖

'રા. આનંદસાગર જામનગરમાં કંઇ બોલ્યા છે એથી શ્વેતામ્બર દિગમ્બર સમાજમાં ખળભળાટ થયો છે!'

કાણુ ભિન્ન મગજના માણસોના વાકયોથી ખળભળાટ અયોગ્ય રીતે એવા માણસોને ઉત્તેજન આપે છે એમ મ્હારો અભિપ્રાય છે.

❖ ❖ ❖

'કડીઆ હાલ મુંબઇમાં છે'–એક ખબરપત્રી.

'કારણ કે દિવાળીમાં રંગરોગાન માટે થતાં ખર્ચોમાં કડીઆઓ, સુતારો વાર્ષિક આજીવિકા સહજમાં મેળવી શકે છે'–'એક બાતમીદાર'

❖ ❖ ❖

'દાદશીના પરાજીત સેનાપતિ કર્નલ રામચંદ્રજી નવાં મુખ્યનાં નવાં વ્યૂહો ગોઠવવામાં પડયા છે'–એક જાણકાર.

'હતાં તે હથીઆર વેચી નાખી એ હવે પશ્ચાત્તાપ જાહેર કરવાની યોજના વિચારે છે'–એક–'ભેદુ'

"આણુકેશ્વર"

લગ્ન......... મુખપૃષ્ઠનું ચાલુ.

આ સ્થીતિ સાહિત્યમાંથી આજે ઓછી થવા માંડી છે અને મોહક રંગો દર્શનીય ઉઠાવ ભલે સોનેરી-રેખાઓનો હોય પરંતુ એની પાછળ કાળી રેખાઓની ભૂમિકા સાવ અદ્રશ્ય નહિ જ કરવાનો આજના સાહિત્યકારો પ્રયાસ કરી રહ્યા છે.

લગ્ન એટલે કેવળ સુખ કે મોક્ષ નહિ. લગ્નનો મર્મ માત્ર એટલો જ કે જગતની ગડમથલોમાંથી માર્ગ કાપવા આપણને એક ગમતો સાથી મળે છે. જહે સુખદુઃખમાં આપણી સાથે રહેવાનો કોલ આપે છે. એ સાથી અપૂર્ણ નથી અને અનેક ઊણપોથી ભરેલો છે. એ સત્ય નુતન સાહિત્યકાર લગ્ન પરત્વે વિસરાવતો નથી–અને જીવનને માત્ર સુખ–સાગર ચિતરતો નથી. પગમાં ભોંકાઇ જાય એટલાં કંટકો, દિશા સુઝ ન થાય એટલા વાદળો, મીત્રોનું દુશ્મનોમાં ઝડપી પરિવર્તન, અને કવ્હારેક પરમ મિત્ર એવા લગ્ન–સાથીનુંય પાંખ છોડી જવું એ અનેક બાહ્યાંતર મુંઝવણો વટાવીને જુવાનને આગે કદમ ભરવા નવો સાહિત્યકાર પ્રેરે છે.

લગ્નની જુની ભાવનાઓ અને અપૂર્ણતાઓની ભભક કહાડી નાખીને, ધરતીપર જીવવું છે એ હકિકત સ્વીકારીને જ આપણે આંક મૂકીએ તો લગ્ન જીવનમાં પસ્તાવાનું કે પાછળ પડવાનું નહીં રહે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.